Friday, 25 September 2026
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક


गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906



ભવિષ્ય તમારા હાથમાં છે, તેને ઉજ્જવળ બનાવો, આપનું જીવન સફળ કરો.

- ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૩ ● અંકઃ ૨૭૪ ● સંવત-૨૦૮૨ ભાદરવા સુદ ચૌદસ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

## દાદરા નગર હવેલી અને દમણ-દીવ બેંકર્સ સમિતિ દ્વારા રાષ્ટ્રવ્યાપી બેંક હડતાળના આહ્વાનને આપેલો ટેકો




### યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સ દ્વારા તા.૨૮ થી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી રાષ્ટ્ર વ્યાપી બેંક હડતાલનું એલાન

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**સેલવાસ, તા.૨૪:** દાદરા નગર હવેલી અને દમણ-દીવ કેન્દ્રશાસિત પ્રદેશ સ્તરીય બેંકર્સ સમિતિ દ્વારા બેંક ગ્રાહકોને સૂચિત કરતા જણાવાયું છે કે, યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સ દ્વારા તા.૨૮, ૨૯ અને ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ રાષ્ટ્ર વ્યાપી બેંક હડતાલનું આહ્વાન કરવામાં આવ્યું છે. તેથી તા.૨૮ થી ૩૦ સપ્ટેમ્બર,૨૦૨૬ દરમ્યાન બેંકિંગ સેવાઓ પ્રભાવિત થઈ શકે છે. કોઈપણ અસુવિધાથી બચવા માટે પોતાની દરેક મહત્ત્વપૂર્ણ બેંકિંગ લેવડ-દેવડ તા.૨૫ સપ્ટેમ્બર સુધીમાં પૂર્ણ કરી લેવા ગ્રાહકોને અનુરોધ કરાયો છે. જેમાં રોકડની આવશ્યકતાને પહેલાથી વ્યવસ્થા કરી લેવા, અથવા તાત્કાલિક રોકડ આવશ્યકતા માટે ઉપ્લબ્ધતાના અનુસાર એટીએમનો ઉપયોગ કરવો, બેંકિંગ લેવડ-દેવડ માટે ઈન્ટરનેટ બેંકિંગ, મોબાઈલ બેંકિંગ, યુપીઆઈ, એટીએમ અને અન્ય ઉપલબ્ધ ડિજિટલ માધ્યમનો વધુમાં વધુ ઉપયોગ કરવો. ગ્રાહકોને થનાર અસુવિધાને ન્યૂનતમ કરવા માટે બેંકો દ્વારા આવશ્યક વ્યવસ્થાઓ કરવામાં આવી રહી છે તથા પરિસ્થિતિ અનુસાર પ્રસ્તાવિત હડતાળ દરમ્યાન બ્રાન્ચ/કાર્યાલયની સેવાઓ પ્રભાવિત થઈ શકે છે.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ૨૫ વર્ષના ‘સેવા-સુશાસન પર્વ’ અંતર્ગત

# દમણ ન.પા.ના કાઉન્સિલર તમન્નાબેન મીઠાણીની આવકારદાયક પહેલઃ ૬૦ જેટલી મહિલાઓની કેન્સરની કરાવેલી સ્ક્રીનિંગ

### પ્રશાસક પ્રફુલભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ દાનહ અને દમણ-દીવમાં આરોગ્ય સુવિધાઓને જન જન સુધી પહોંચાડવા અને સમાજના દરેક વર્ગના કલ્યાણ માટે કરવામાં આવી રહેલા સરાહનીય પ્રયાસોઃ તમન્નાબેન મીઠાણી











(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**દમણ, તા.૨૪**

દાદરા નગર હવેલી અને દમણ-દીવના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના માર્ગદર્શન અને મહિલા આરોગ્ય અને સશક્તિકરણ પ્રત્યે તેમના વિઝનને અનુરૂપ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની ૨૫ વર્ષના સેવા-સુશાસન પર્વ અંતર્ગત આજે દમણની નમો હોસ્પિટલ મરવડ ખાતે દમણ નગરપાલિકાના કાઉન્સિલર શ્રીમતી તમન્નાબેન મીઠાણીના નેતૃત્વમાં મહિલાઓ માટે ‘કેન્સર સ્ક્રીનિંગ કેમ્પ’નું આયોજન કરવામાં આવ્યું હતું.

કેમ્પ દરમિયાન ૬૦થી વધુ મહિલાઓએ કેન્સરની સ્ક્રીનિંગ તપાસ કરાવી પોતાના આરોગ્ય પ્રત્યે જાગૃતતાનો પરિચય આપ્યો હતો. મહિલાઓમાં કેન્સરનું સમયસર નિદાન નિયમિત આરોગ્ય તપાસ તથા આવશ્યક સાવાધાનીઓની બાબતમાં પણ જાગૃત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે દમણ ન.પા.ના વોર્ડ નં.૧૩ના કાઉન્સિલર અને દાનહ અને દમણ-દીવ પ્રદેશ ભાજપ લઘુમતિ મોરચાના મહામંત્રી તથા ખારીવાડ વેલફેર મલ્ટીપર્પઝ કો-ઓપરેટિવ સોસાયટી લિમિટેડના ચેરપર્સન શ્રીમતી તમન્નાબેન મીઠાણીએ જણાવ્યું હતું કે, મહિલાઓનું સ્વસ્થ રહેવું પુરા પરિવાર અને સમાજ માટે મહત્ત્વપૂર્ણ છે. સમયસર આરોગ્યની તપાસ અને બિમારીની પ્રારંભિક ઓળખાણ જીવન બચાવવા માટે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. મહિલાઓના આરોગ્યને પ્રાથમિકતા આપી તેમને જાગૃત અને આત્મનિર્ભર બનાવવું જ હકિકતમાં મહિલા સશક્તિકરણની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું હોવાનું પણ શ્રીમતી તમન્નાબેન મીઠાણીએ જણાવ્યું હતું.

તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના માર્ગદર્શનમાં આરોગ્ય સુવિધાઓને જન જન સુધી પહોંચાડવા અને સમાજના દરેક વર્ગના કલ્યાણ માટે કરવામાં આવી રહેલા પ્રયાસ સરાહનીય છે.

નમો હોસ્પિટલ જેવી આધુનિક આરોગ્ય સુવિધાઓના માધ્યમથી લોકોને ઉત્તમ આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવી પ્રશાસનના જન કલ્યાણકારી વિઝનના દર્શન કરાવે છે. કેમ્પમાં મહિલાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાના આરોગ્ય પ્રત્યે જાગૃતિનો સંદેશ આપ્યો હતો અને અદ્યતન નમો હોસ્પિટલ-મરવડને નિહાળી બહેનો ગદ્‌ગદિત પણ થઈ હતી.

# દાનહ અને દમણ-દીવ પ્રદેશ ભાજપના સંગઠન મહામંત્રી તરીકે રત્નાકરની કરાયેલી નિયુક્તિ

### પ્રદેશ ભાજપ પ્રભારી તરીકેની વર્ષાબેન દોશીને જવાબદારી સુપ્રત કર્યા બાદ હાઈકમાન્ડે લાંબા સમયથી ખાલી પડેલ પ્રદેશ સંગઠન મહામંત્રીની પણ નિયુક્તિ કરતા દાનહ અને દમણ-દીવ ભાજપના સંગઠન માળખાને વધુ અસરકારક બનાવવા તરફ કેન્દ્રિત કરેલું ધ્યાન



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**દમણ, તા.૨૪**

દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશ ભાજપના સંગઠન મહામંત્રી તરીકે શ્રી રત્નાકરની નિયુક્તિ કરી ભાજપ હાઈકમાન્ડે હવે પ્રદેશના સંગઠન માળખાને વધુ અસરકારક બનાવવા તરફ પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું હોવાનું દેખાઈ રહ્યું છે.

પ્રદેશ ભાજપમાં લાંબા સમયથી પ્રદેશ સંગઠન મહામંત્રીનું સ્થાન ખાલી હતું. શ્રી વિવેક દાઢકરને અંદામાન અને નિકોબાર દ્વીપ સમૂહના સંગઠન મહામંત્રી તરીકે સુપ્રત કરાયેલી જવાબદારી બાદ આ પદ ઉપર દાનહ અને દમણ-દીવમાં કોઈ નિમણૂક કરાઈ નહિ હતી.

ભાજપ હાઈકમાન્ડે પ્રદેશ ભાજપ પ્રભારી તરીકે શ્રીમતી વર્ષાબેન દોશીને જવાબદારી સુપ્રત કરવાની સાથે આજે સંગઠન મહામંત્રી તરીકે શ્રી રત્નાકરની પણ નિયુક્તિ કરાતા આવતા દિવસોમાં દાદરા નગર હવેલી અને દમણ-દીવ ભાજપ ફરી સુસંગઠિત બનવાની દિશામાં અગ્રેસર બનશે એવી આબોહવાનું સર્જન થયું છે.

## હવે નીતિન ગડકરી ઓક્ટોબરમાં ૧૦૦% ઈથેનોલથી ચાલતી કાર લોન્ચ કરશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૪**

કેન્દ્રીય રોડ અને હાઈવે મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું છે કે તેમને ૧૦૦ ટકા ઈથેનોલ પર ચાલવા સક્ષમ ટોયોટા ઈનોવા કારના લોન્ચિંગ માટે આમંત્રણ મળ્યું છે, જે આગામી ઓક્ટોબર મહિનામાં લોન્ચ થવા જઈ રહી છે. E20 પેટ્રોલને લઈને ચાલી રહેલી ચર્ચાઓ વચ્ચે તેમણે ઈથેનોલ અને ફ્લેક્સ-ફ્યુઅલ વાહનોના સમર્થનની વાત ફરી કરી હતી.

દિલ્હીમાં યોજાયેલા એક કાર્યક્રમમાં બોલતા નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે હાલ વિશ્વના ૧૯ દેશોમાં ઈથેનોલનો ઉપયોગ થઈ રહ્યો છે અને હવે આ ઈંધણ વાપરતા વાહનો તરફથી કોઈ ફરિયાદો પણ મળી રહી નથી. ટોયોટાનું આ નવું વાહન ૧૦૦ ટકા ઈથેનોલ પર ચાલશે અને તેમાં ઈલેક્ટ્રિફાઈડ પાવરટ્રેનનો ઉપયોગ કરવામાં આવશે.

- (વધુ પાના નં. ૨ પર)

## CEC જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ મહાભિયોગ લાવશે INDIA બ્લોક

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૪**

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ INDIA બ્લોક ફરીવાર મહાભિયોગ પ્રસ્તાવ લાવવાની તૈયારીમાં છે. વિપક્ષી દળોએ પ્રસ્તાવનો નવો ડ્રાફ્ટ તૈયાર કરવાનું શરૂ કરી દીધું છે.

પ્રાપ્ત જાણકારી પ્રમાણે **વિપક્ષી દળ આગામી સપ્તાહે લોકસભા અને રાજ્યસભા, બંને ગૃહમાં નોટિસ આપી શકે છે.** આ પગલું તેવા સમય પર ભરવામાં આવી રહ્યું છે, જ્યારે ચૂંટણી પંચની અંદર SIRને લઈને બે ચૂંટણી કમિશનરના વાંધા સંબંધિત ઈન્ડિયન એક્સપ્રેસનો એક રિપોર્ટ સામે આવ્યો, ત્યારબાદ ચૂંટણી પંચે એક નિવેદન પણ જારી કરવું પડ્યું હતું.

- (વધુ પાના નં. ૨ પર)

# ‘સેવા પખવાડા’ હેઠળ, MY Bharat અને દમણ જિલ્લા પંચાયતના સંયુક્ત ઉપક્રમે ‘અમૃત સરોવર’માં સામુદાયિક પ્રવૃત્તિનું કરાયેલું આયોજન










(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**દમણ, તા.૨૪**

‘સેવા પખવાડા’ હેઠળ, MYBharat દમણ દ્વારા જિલ્લા પંચાયત સાથે સંકલનમાં, અમૃત સરોવરમાં પાણી સંરક્ષણ, પર્યાવરણીય જાગૃતિ, સ્વચ્છતા અને જનભાગીદારીને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી સામુદાયિક પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું.

અમૃત સરોવર પહેલનો ઉદ્દેશ્ય પાણીના સ્રોતોનું સંરક્ષણ અને પુનર્જીવિત કરવાની સાથે તેની સારસંભાળમાં સ્થાનિક સમુદાયની ભાગીદારી અને સામૂહિક જવાબદારીની ભાવનાને પ્રોત્સાહિત કરવાનો છે. સેવા પખવાડા અંતર્ગત આયોજીત આ પ્રવૃત્તિના માધ્યમથી સ્વૈચ્છિક સેવા, સ્વચ્છતા તથા પ્રાકૃતિક સંસાધનોના સંરક્ષણનો સંદેશ આપવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં દમણ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી ધરમ બાબુ પટેલ, પરિયારી પંચાયતના સરપંચ શ્રી ભાવિક પટેલ અને પંચાયત સભ્યોએ સક્રિયપણે ભાગ લીધો હતો અને MY Bharatના સ્વયંસેવકો સાથે મળીને અભિયાનમાં યોગદાન આપ્યું હતું. આ પ્રવૃત્તિમાં સ્થાનિક યુવા ક્લબ થંડર ટેક વોલીબોલ ગ્રુપના યુવાનોએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. યુવાનોની સક્રિય ભાગીદારીએ પર્યાવરણીય સંરક્ષણ, સમુદાય સેવા અને સ્થાનિક સ્તરે જનભાગીદારીને મજબૂત બનાવવામાં યુવા શક્તિની મહત્ત્વપૂર્ણ ભૂમિકા દર્શાવી હતી.

આ પહેલ MY Bharat દમણ, જિલ્લા પંચાયત, સ્થાનિક જનપ્રતિનિધિઓ, પંચાયત સભ્યો અને યુવા સ્વયંસેવકોના પરસ્પર સંકલન અને સામૂહિક પ્રયાસનું ઉદાહરણ બની અને પાણી અને પર્યાવરણીય સંરક્ષણ પ્રત્યે સેવા, જનભાગીદારી અને પ્રતિબદ્ધતાનો સંદેશ આપ્યો.

# સેલવાસના ટોકરખાડા સ્થિત સરકારી શાળામાં એન.એસ.એસ.નો ૫૭મો સ્થાપના દિવસ ઉજવાયો




(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**સેલવાસ, તા.૨૪**

વિદ્યાર્થીઓ અને એન.એસ.એસ.ના સ્વયંસેવકોમાં સમાજ સેવા, રાષ્ટ્ર સેવા, અનુશાસન અને સામાજીક જવાબદારીની ભાવનાને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી દાદરા નગર હવેલીના સેલવાસ ટોકરખાડા સ્થિત ગુજરાતી માધ્યમની સરકારી માધ્યમિક શાળામાં ‘નેશનલ સર્વિસ સ્કીમ-રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.)ના ૫૭મા સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે શાળાના આચાર્ય ડૉ. મનિષાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે એન.એસ.એસ.ના મહત્ત્વ અંગે જાણકારી આપતા વિદ્યાર્થીઓને સમાજ અને રાષ્ટ્ર પ્રત્યે પોતાની જવાબદારીને નિર્વાહન કરવા માટે પ્રેરિત કર્યા હતા. ડૉ. મનિષાબેન પટેલે એન.એસ.એસ.ના માધ્યમથી વિદ્યાર્થીઓમાં સેવાભાવના, નેતૃત્વક્ષમતા અને સામાજીક જાગરૂકતા વિકસિત થવાની વાત કહી હતી.

કાર્યક્રમનું આયોજન અને માર્ગદર્શન એન.એસ.એસ. કાર્યક્રમ અધિકારી શ્રી શૈલેષ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે એન.એસ.એસ.ના મૂળ મંત્ર ‘મેં નહિ, આપ’ની ભાવનાને વિદ્યાર્થીઓ સમક્ષ રાખી સમાજહિતમાં નિરંતર સેવા કાર્ય કરવા સંદેશ આપ્યો હતો.

આ અવસરે એન.એસ.એસ.ના સ્વયંસેવકો સહિત કાર્યક્રમમાં ઉપસ્થિત તમામે ઉત્સાહપૂર્વક સહભાગિતા કરી હતી અને સમાજસેવા, સ્વચ્છતા, પર્યાવરણસંરક્ષણ અને જનજાગરૂકતા જેવી પ્રવૃત્તિઓમાં સક્રિય યોગદાન આપવાનો સંકલ્પ લીધો હતો.




## સુવિચાર - સદ્‌વિચાર

જીવનમાં ખુશ રહેવાનો એક જ રસ્તો છે
લોકોનું નહી, પોતાના મનનું સાંભળો

## કવિતા-ભજન-પદ-ગરબા

### અનહદ અપાર વરસે!

આ ધોધમાર વરસે, ચોમેર ધાર વરસે,
હું કેટલુંક ઝીલું, અનહદ અપાર વરસે!

ના શ્રાવણી અષાઢી વરસાદના દિવસમાં,
એ તો અકળ અમસ્તું બસ વારવાર વરસે!

ભીંજાઉં, ન્હાઉં, ડૂબું, આઘે તણાઉં એવું,
આ નેહના ગગનનો સઘળો ય સાર વરસે!

હા જો કહું તો વરસે, ના પણ કહું તો વરસે,
કૈં ના કહું તો આવી આવી ધરાર વરસે.

છલકી જવાય એવું કે છોળ થઈ જવાતું,
ઘેઘૂર ને ઘુઘવતો એવો ખુમાર વરસે.

-નયના જાની

## આજની જોક

લાઈફને સુધારવા એક 'વાઈફ' બસ છે
પણ
'વાઈફ'ને સુધારવા આખી 'લાઈફ' કમ છે.




## કબીર વાણી

**ચૌસઠ દિવા જોડ કર, ચઉદે ચંદા માહિ**
**તિસ ઘર કૈસા ચાંદના, જીસ ઘર ગોવિંદ નાહિ?**

**-અર્થાત-**

કબીર સાહેબ કહે છે કે જો ઘરમાં એટલે કે હૃદયમાં ભગવાનનો પ્રકાશ કે ભક્તિ ન હોય, તો ભલે ચોસઠ દીવા અને ચૌદ ચંદ્રમાનું અંજવાળું હોય, પરંતુ તે ઘર (જીવન) હંમેશા અંધકારમય જ રહે છે.



## ચાણક્ય ઉવાચ

**આતુરે વ્યસને પ્રાપ્તે, દુર્ભિક્ષે શત્રુસંકટે।**
**રાજદ્વારે શ્મશાને ચ, યસ્તિષ્ઠતિ સ બાંધવઃ॥**

**-અર્થાત-**

જે સમય વીતી ગયો છે તેનો અફસોસ ન કરવો જોઈએ અને ભવિષ્યની ચિંતામાં ડૂબેલા ન રહેવું જોઈએ. બુદ્ધિશાળી લોકો હંમેશાં વર્તમાન સમયને જોઈને જ પોતાનું કાર્ય કરે છે અને જીવે છે.

## આજનો દિન વિશેષ

### દીનદયાળ ઉપાધ્યાય

દીનદયાળ ઉપાધ્યાય (૨૫ સપ્ટેમ્બર ૧૯૧૬ - ૧૧ ફેબ્રુઆરી ૧૯૬૮), એક ભારતીય રાજકારણી, અખંડ માનવતાવાદ વિચારધારાના સમર્થક અને ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ના પૂર્વગામી, રાજકીય પક્ષ ભારતીય જન સંઘ (BJS) ના નેતા હતા. ઉપાધ્યાયે ૧૯૪૦ના દાયકામાં હિન્દુત્વ પુનરુત્થાનના આદર્શોને ફેલાવવા માટે માસિક પ્રકાશન રાષ્ટ્ર ધર્મ શરૂ કર્યું, જેનો વ્યાપક અર્થ રાષ્ટ્રીય ફરજો થાય છે. ઉપાધ્યાય કેટલાક સાંસ્કૃતિક-રાષ્ટ્રવાદ મૂલ્યો અને સર્વોદય (બધાની પ્રગતિ) અને સ્વદેશી (આત્મનિર્ભરતા) જેવા અનેક ગાંધીવાદી સમાજવાદી સિદ્ધાંતો સાથેના તેમના કરારનો સમાવેશ કરીને જન સંઘના સત્તાવાર રાજકીય સિદ્ધાંત, અખંડ માનવતાવાદ,નો મુસદ્દો તૈયાર કરવા માટે જાણીતા છે.

**પ્રારંભિક જીવન :** ઉપાધ્યાયનો જન્મ ૧૯૧૬માં મથુરાથી ૩૦ કિમી (૧૯ માઈલ) દૂર મથુરા જિલ્લાના નાગલા ચંદ્રવન ગામમાં, જે હવે દીનદયાળ ધામ કહેવાય છે, એક બ્રાહ્મણ પરિવારમાં થયો હતો.તેમના પિતા, ભગવતી પ્રસાદ ઉપાધ્યાય, એક જ્યોતિષી હતા અને તેમની માતા, રામપ્યારી ઉપાધ્યાય, એક ગૃહિણી અને સચેત હિન્દુ હતા. તેમના માતા-પિતા બંને આઠ વર્ષના હતા ત્યારે મૃત્યુ પામ્યા હતા અને તેમનો ઉછેર તેમના મામા દ્વારા થયો હતો. તેમના મામા અને કાકીના વાલીપણા હેઠળ તેમના શિક્ષણને કારણે તેઓ સીકરની હાઈ સ્કૂલમાં ભણ્યા. સીકરના મહારાજાએ તેમને ગોલ્ડ મેડલ, પુસ્તકો ખરીદવા માટે ૨૫૦ રૂપિયા અને માસિક ૧૦ રૂપિયાની શિષ્યવૃત્તિ આપી. અને તેમણે રાજસ્થાનના પિલાની (હવે બિરલા સ્કૂલ, પિલાની) માં ઈન્ટરમીડિયેટ કર્યું. તેમણે કાનપુરની સનાતન ધર્મ કોલેજમાંથી બી.એ.ની ડિગ્રી મેળવી. ૧૯૩૯માં તેઓ આગ્રા ગયા અને અંગ્રેજી સાહિત્યમાં માસ્ટર ડિગ્રી મેળવવા માટે સેન્ટ જોન્સ કોલેજ, આગ્રામાં જોડાયા, પરંતુ તેમનો અભ્યાસ ચાલુ રાખી શક્યા નહીં.[૧૦] કેટલાક કૌટુંબિક અને નાણાકીય સમસ્યાઓને કારણે તેમણે એમ.એ.ની પરીક્ષા આપી ન હતી. તેઓ પરંપરાગત ભારતીય ધોતી-કુર્તા અને ટોપી પહેરીને સિવિલ સર્વિસ પરીક્ષામાં બેસવા બદલ પંડિતજી તરીકે જાણીતા થયા.

કારકિર્દી : ૧૯૩૭માં સનાતન ધર્મ કોલેજમાં અભ્યાસ કરતી વખતે ઉપાધ્યાય તેમના સહાધ્યાયી બાલુજી મહાશબ્દે દ્વારા આરએસએસના સંપર્કમાં આવ્યા હતા. તેઓ આરએસએસના સ્થાપક કે. બી. હેડગેવારને મળ્યા હતા, જેમણે તેમની સાથે એક શાખામાં બૌદ્ધિક ચર્ચામાં ભાગ લીધો હતો. સુંદર સિંહ ભંડારી પણ કાનપુરમાં તેમના સહાધ્યાયીઓમાંના એક હતા. તેમણે ૧૯૪૨થી આરએસએસમાં પૂર્ણ-સમય કાર્ય શરૂ કર્યું હતું. તેમણે નાગપુર ખાતે ૪૦ દિવસના ઉનાળાના વેકેશનમાં આરએસએસ શિબિરમાં હાજરી આપી હતી જ્યાં તેમણે સંઘ શિક્ષણમાં તાલીમ લીધી હતી. આરએસએસ શિક્ષણ શાખામાં બીજા વર્ષની તાલીમ પૂર્ણ કર્યા પછી, ઉપાધ્યાય આરએસએસના આજીવન પ્રચારક બન્યા.

## પ્રવાસ

### તાના રીરી મેમોરિયલ એન્ડ ફેસ્ટિવલ



તે મહાન ગાયિકા બહેનો તાના અને રીરીનું સ્મારક છે. આ બંને અકબરના શાસન દરમિયાન ગાયક પ્રતિભા માટે લોકપ્રિય હતા. એવું માનવામાં આવે છે કે અકબરના દરબારમાં દીપક રાગ ગાવા પછી, તાનસેન આંતરિક રીતે હલાવતા હતા. તેઓ આ બે બહેનોમાં આવ્યા હતા, જેમણે મેઘ મલ્હાર રાગ ગાયા હતા, જે આવા બર્નિંગ ઈજાઓ માટેનો એકમાત્ર ઉપાય હતો.સ્મારક આ પ્રતિભાશાળી ગાયકોની યાદમાં તનારીરી મેમોરિયલ તરીકે સ્વીકારવામાં આવ્યો છે. આ માન્યતાપૂર્વક ગાયકોને યાદ રાખવા માટે આ સ્મારકમાં આજે મેળા અને ઉત્સવો યોજવામાં આવે છે.

# પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ બે હજાર બેડની ક્ષમતાના અદાણી આરોગ્ય મંદિરનો શિલાન્યાસ કર્યો

## અદાણી સમૂહના ચેરમેન ગૌતમ અદાણીની ૨૦૩૫ સુધીમાં રાજ્યમાં માળખાકીય પ્રકલ્પો માટે રૂા.૧ લાખ કરોડથી વધુના રોકાણની જાહેરાત










**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**કલકત્તા, તા. ૨૪**

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ કોલકાતાના ન્યૂ ટાઉન સ્થિત બંગાળ સિલિકોન વેલી ટેક હબ ખાતે ૨,૦૦૦ બેડની ક્ષમતા ધરાવતા 'અદાણી આરોગ્ય મંદિર'નો ગુરુવારે શિલાન્યાસ કર્યો હતો.. પશ્ચિમ બંગાળના ૨૦૨૬ના હેલ્થકેર વિઝન સાથે સુસંગત એવા આ પ્રકલ્પનો અમલ અદાણી ફાઉન્ડેશન કરશે.. આ પ્રકલ્પ અંતર્ગત વાર્ષિક ૨,૦૦,૦૦૦થી વધુ ઈનડોર દર્દીઓ અને ૨૦ લાખથી વધુ આઉટ ડોર દર્દીઓને સેવા અપાશે લગભગ ૧૦,૦૦૦ રોજગારીની તકાનું સર્જન ધરાવતા અને પૂર્વ ભારત તથા તેની બહારના વિસ્તારો માટે વિશ્વ કક્ષાનું એકેડેમિક મેડિકલ સેન્ટર અને વ્યાપક આરોગ્યસંભાળ ઈકોસિસ્ટમ તરીકે કલ્પવામાં આવેલા આ પ્રકલ્પમાં રૂા. ૪,૦૦૦ કરોડથી વધનું રોકાણ કરાશે.

૫૧.૭૫ એકરમાં આકાર લેનાર 'અદાણી આરોગ્ય મંદિર' એક મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલમાં 'સ્ટેપ-ડાઉન' અને 'ટ્રાન્ઝિશનલ કેર' ની સુવિધાઓ સાથેની આ વ્યાપક ઈકોસિસ્ટમમાં દર્દીઓના સગા-સંબંધીઓ માટે રહેવાની સુવિધા પૂરી પાડવા માટે 'મેડિટેલ' અને 'વિશ્રામ ગૃહ'નો પણ સમાવેશ થશે.

મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ જણાવ્યું હતું કે બંગાળના પુનર્નિર્માણ માટે અમે અદાણીની હાજરીની રાહ જોઈ રહ્યા છીએ. આ આખરી પરિકલ્પના માત્ર એક હોસ્પિટલના સંકુલની નહી પણ સંપૂર્ણ સંકલિત 'હેલ્થકેર સિટી' હશે. તેમણે કહ્યું હતુ કે ભારતમાં ક્યાંય પણ આટલી ઉચ્ચ ગુણવત્તાના ધોરણોની હાસ્પિટલ નથી. આ હોસ્પિટલ મેડિકલ ટુરિઝમને મોટો વેગ આપશે. પશ્ચિમ બંગાળ માટે આ ઐતિહાસિક, અર્થપૂર્ણ અને શુભ દિવસ છે તેમ જણાવી શ્રી અધિકારીએ ઉમેર્યું હતું કે 'વિકસિત ભારત ૨૦૪૭'નું લક્ષ્ય ત્યારે જ સિદ્ધ થઈ શકે જો બંગાળનો વિકાસ થાય.

અદાણી સમૂહના ચેરમેન શ્રી ગૌતમ અદાણીએ જણાવ્યું હતું કે અદાણી આરોગ્ય મંદિર એક વિશ્વ કક્ષાની, બિન-નફાકારી તબીબી સંસ્થા હશે જેમાં શામેલ ૨૦૦૦ બેડમાંની એક હજાર બેડ રાજ્ય અને કેન્દ્ર સરકારની આરોગ્ય વીમા યોજનાઓ હેઠળ લાભ મેળવવાને પાત્ર સમાજના આર્થિક રીતે નબળા વર્ગોને સેવા આપશે.

શ્રી અદાણીએ મેગા-પ્રકલ્પો માટે ગ્રુપનો પાયો બનનારા ગુજરાતના મુન્દ્રા સાથે સરખાવતા રાજ્યને પૂર્વમાં સમૂહની કર્મભૂમિ તરીકે ઓળખાવ્યું હતું. તેમણે ૨૦૩૫ સુધીમાં પશ્ચિમ બંગાળમાં બંદરો, લોજિસ્ટિક્સ, નવીનીકરણીય ઉર્જા, વીજ ઉત્પાદન, વીજ ટ્રાન્સમિશન અને વિતરણ, રસ્તાઓ અને પુલો, ગ્રીન સિમેન્ટ અને હાઈપરસ્કેલ ડેટા સેન્ટર્સના ક્ષેત્રોમાં રૂા. ૧ લાખ કરોડથી વધુના રોકાણના રોડમેપની જાહેરાત કરી હતી.

અદાણી આરોગ્ય મંદિર સંકૂલમાં વાર્ષિક ૧૫૦ અંડરગ્રેજ્યુએટ, ૧૦૦થી વધુ અનુસ્નાતક અને ૪૦થી વધુ સુપર-સ્પેશિયાલિસ્ટને સમાવતી એક મેડિકલ કોલેજનું નિર્માણ થશે. ઉપરાંત તેમાં આગામી પેઢીના તબીબો, નર્સો, ટેકનિશિયન અને સંલગ્ન આરોગ્ય સંભાળ વ્યાવસાયિકો માટે એક બહુ-પાંખી ઈકોસિસ્ટમ બનાવતી કોલેજ ઓફ નર્સિંગ અને સંલગ્ન આરોગ્ય સંભાળ અને અર્ધ તબીબી શિક્ષણ માટેની સંસ્થાનો પણ સમાવેશ હશે આ વ્યાપક કેમ્પસ ઈકોસિસ્ટમમાં આરોગ્ય સંભાળના કર્મીઓ અને તેમના પરિવારોને રહેણાંકની સુવિધાઓ પણ પૂરી પાડવામાં આવશે. પ્રથમ તબક્કામાં મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલ કેન્સરના દર્દીઓની સંભાળ પર ધ્યાન કેન્દ્રિત કરી અદ્યતન ઉચ્ચ કક્ષાની વિશિષ્ટ આરોગ્ય સેવાઓ પૂરી પાડશે.

અદાણી આરોગ્ય મંદિર જીનોમિક્સ, ચોકસાઇ દવા, બાયોમેડિકલ ઈન્ફોર્મેટિક્સ, AI, ક્લિનિકલ ટ્રાયલ્સ, મોલેક્યુલર અને અન્ય એપ્લાઈડ બાયોમેડિકલ વિજ્ઞાનને આવરી લેતી સંશોધન ઈકોસિસ્ટમ વિકસાવશે જે હોસ્પિટલ વૈજ્ઞાનિક શોધોને સુધારેલા નિદાન, સારવાર અને નિવારણમાં રૂપાંતરીત કરવા પર ભાર મૂકશે.

સંસ્થા નવા જ્ઞાન, તકનીકો, ક્લિનિકલ માર્ગો અને બૌદ્ધિક સંપત્તિનું સહિયારૂ નિર્માણ કરી ભારતીય સંશોધન વાતાવરણમાં વૈશ્વિક વૈજ્ઞાનિક કુશળતા અને ક્ષમતાઓ ઉમેરવા માટે આંતરરાષ્ટ્રીય ભાગીદારો સાથે કામ કરશે. આ સંશોધન ભારતની અનન્ય આરોગ્યસંભાળની પ્રાથમિકતાઓનો સામનો કરવા સાથે સમગ્ર વિશ્વને લાભદાયી એવા વૈજ્ઞાનિક ઉકેલો પેદા કરશે.

અદાણી ફાઉન્ડેશને ક્લિનિકલ સંભાળ, એકેડેમિક મેડીસિન, ડિજિટલ આરોગ્ય, ગુણવત્તા, કાર્યશક્તિનો વિકાસ અને નવીનતામાં વૈશ્વિક કુશળતા લાવવા માટે અમેરિકાની માયો ક્લિનિક ગ્લોબલ કન્સલ્ટિંગ તેમજ સિંગાપોરના સિંગહેલ્થ સાથે જોડાણ કર્યું છે. આ રોકાણ કોલકતામાં એક મુખ્ય આરોગ્ય સંભાળ અને શૈક્ષણિક સંસ્થા સ્થાપિત કરશે. બીજા તબક્કામાં વિશેષતાઓ અને સુપર-સ્પેશિયાલિટીમાં શ્રેષ્ઠતા કેન્દ્રોના વિકાસ માટે પ્લેટફોર્મ બનાવશે. કોલકતામાં એક વ્યાપક સ્થળાંતર સ્થાનનું સ્વરુપ આપીને અદાણી આરોગ્ય મંદિર આ પ્રદેશમાંથી આરોગ્ય હેતુથી સ્થળાંતરને ઘટાડવામાં મદદ કરશે.

રાજ્યમાં અદાણી સમૂહની ઔદ્યોગિક અને આરોગ્ય સંભાળની આ પહેલ સાથે શ્રી ગૌતમ અદાણીએ પ્રખ્યાત કુમારતુલી ઘાટના જીર્ણોધ્ધારમાં યોગદાન આપવાની પણ જાહેરાત કરી હતી. અદાણી ગ્રુપે ઐતિહાસિક રાઈટર્સ બિલ્ડીંગના પુનઃસ્થાપન અને અદાણી પૂજા પ્રિવ્યૂ દ્વારા કોલકતાની દુર્ગા પૂજાની કલા અને ભાવનાને વૈશ્વિક ફલક ઉપર મૂકવા માટે પશ્ચિમ બંગાળ સરકાર સાથે બે સમજૂતિ કરાર કર્યા છે. આ પહેલ પૂજા આયોજકો, કલાકારો, કારીગરો, સેવા પ્રદાતાઓ અને બંગાળના વ્યાપક ઈકોસિસ્ટમને ટેકો આપશે.

# દીવઃ ઘોઘલા ખાતે શ્રી સિદ્ધિવિનાયક ગણપતિ બાપ્પાના દર્શને ખારવા સમાજના આગેવાનો





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દીવ, તા.૨૪**

કેન્દ્ર શાસિત પ્રદેશ દીવના ઘોઘલા ખાતે શ્રી સિદ્ધિ વિનાયક સોશિયલ ગ્રુપ દ્વારા ભવ્ય ગણપતિ મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. ગણપતિ મહોત્સવ દરમિયાન દીવ અને ઘોઘલા ખારવા સમાજના પટેલો, આગેવાનો તેમજ માછીમાર કલ્યાણ મંડળના પ્રમુખ અને સભ્યો તેમના પરિવારજનો સાથે શ્રી સિદ્ધિવિનાયક ગણપતિ બાપ્પાના દર્શને પહોંચ્યા હતા.

આ પ્રસંગે દીવ ખારવા સમાજના પટેલ મગનલાલ ગોકળ તેમના પરિવાર સાથે, ઘોઘલા ખારવા સમાજના પટેલ રવિન્દ્ર સોલંકી તથા તેમની પત્ની અને નગરપાલિકા ઉપપ્રમુખ કરૂણાબેન રવિન્દ્ર, માછીમાર કલ્યાણ મંડળના પ્રમુખ શશીકાંતભાઈ સહિત આગેવાનો અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

તમામ આગેવાનોએ ગણપતિ બાપ્પાની આરતીમાં જોડાઈ ભક્તિભાવપૂર્વક દર્શન કરી આશીર્વાદ લીધા હતા. ભગવાન ગણેશજી સમક્ષ સૌના જીવનમાં સુખ, સમૃદ્ધિ, શાંતિ અને સૌહાર્દ જળવાઈ રહે તેવી પ્રાર્થના કરવામાં આવી હતી.

ગણપતિ મહોત્સવ નિમિત્તે મોટી સંખ્યામાં ભક્તો પણ ઉપસ્થિત રહ્યા હતા અને ભજન-કીર્તન સાથે ગણપતિ બાપ્પાની ભક્તિમાં લીન બન્યા હતા. આ પ્રસંગે શ્રી સિદ્ધિવિનાયક સોશિયલ ગ્રુપ દ્વારા ઉપસ્થિત પટેલો, આગેવાનો અને મહેમાનાનું ખેસ પહેરાવી સન્માન કરવામાં આવ્યું હતું.

શ્રી સિદ્ધિવિનાયક સોશિયલ ગ્રુપ દ્વારા દર વર્ષે ભવ્ય રીતે ગણપતિ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે, જેમાં મોટી સંખ્યામાં ભક્તો ઉપરાંત વિવિધ ક્ષેત્રના આગેવાનો અને અધિકારીઓ પણ બાપ્પાના દર્શને પહોંચતા હોય છે.

**(પહેલાં પાનાનું ચાલુ)**
**CEC જ્ઞાનેશ કુમાર...**

INDIA બ્લોક પ્રમાણે નવા મહાભિયોગ પ્રસ્તાવમાં તાજેતરમાં સામે આવેલી જાણકારીઓ અને ચૂંટણી પંચના કામકાજને લઈને ઉભા થયેલા નવા સવાલોને આધાર બનાવવામાં આવશે. સાથે પ્રથમ પ્રસ્તાવ સામે આવ્યા બાદ નવા તથ્યોને પણ નવી નોટિસમાં સામેલ કરવામાં આવશે.

સમાચાર એજન્સી પીટીઆઈએ સૂત્રોના હવાલાથી જણાવ્યું કે વિપક્ષી દળો વચ્ચે આ મુદ્દા પર સહમતિ છે અને તાજેતરમાં ચૂંટણી પંચની અંદર મતભેદો સાથે જોડાયેલા સમાચાર સામે આવ્યા બાદ આ પહેલને આગળ વધારવાની તૈયારી છે. જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ વિપક્ષી દળ ત્રીજીવાર નોટિસ આપવાની તૈયારી છે. ૨૪ એપ્રિલે રાજ્યસભામાં ૭૩ વિપક્ષી સભ્યોએ તેમની વિરુદ્ધ નોટિસ આપી હતી.

આ પહેલા બંને ગૃહમાં વિપક્ષી સાંસદો તરફથી આવો પ્રસ્તાવ લાવવાની નોટિસ આપવામાં આવી હતી, જેને ફગાવી દેવામાં આવી હતી. મુખ્ય ચૂંટણી કમિશનરને હટાવવાની પ્રક્રિયા બંધારણના આર્ટિકલ ૩૨૪(૫) હેઠળ નિર્ધારિત છે અને તે માટે સંસદમાં નક્કી પ્રક્રિયાનું પાલન કરવાનું હોય છે.


વિપક્ષી દળોનું કહેવું છે કે એપ્રિલમાં આપવામાં આવેલી મહાભિયોગ નોટિસમાં સીઈસી વિરુદ્ધ કુલ ૯ આરોપ લગાવવામાં આવ્યા હતા, હવે SIR સાથે જોડાયેલા મીડિયા ખુલાસા બાદ વિપક્ષ આ આરોપોમાં નવા બિંદુઓ જોડવાની તૈયારીમાં છે.

ઈન્ડિયન એક્સપ્રેસનો રિપોર્ટ આવ્યા બાદ ચૂંટણી પંચે બુધવારે પંચના તમામ નિર્ણય કાયદેસરના ગણાવ્યા હતા. પંચે કહ્યું હતું કે તેમના તમામ સત્તાવાર આદેશ, નિર્ણય અને વહીવટી નિર્દેશ સંપૂર્ણ રીતે કાયદાને અનુરૂપ છે તથા કોઈપણ સંસ્થામાં વિચાર-વિમર્શ દરમિયાન અલગ-અલગ મત અને ટિપ્પણીઓ સામે આવવી સામાન્ય પ્રક્રિયાનો હિસ્સો છે. પંચે તે પણ કહ્યું કે ચૂંટણી કમિશનર દ્વારા આપવામાં આવેલા સૂચનો ચૂંટણી પ્રક્રિયામાં વધુ સુધાર માટે હતા.

## CBSEએ ધોરણ ૧૦ અને ૧૨ના

# બોર્ડ પરીક્ષા ૨૦૨૭ના સેમ્પલ પેપર કર્યા જાહેર

## સીબીએસઈએ ૧૨માંની બોર્ડ પરીક્ષા ૨૦૨૭ માટે કુલ ૭૯ વિષયોના સેમ્પલ પેપર જાહેર કર્યા




**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**નવી દિલ્હી, તા.૨૪**

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન એ ૧૦માં અને ૧૨માં ધોરણની બોર્ડ પરીક્ષા ૨૦૨૭ની તૈયારીઓ શરૂ કરી દીધી છે. સીબીએસઈએ ૧૦માં અને ૧૨માંની બોર્ડ પરીક્ષા ૨૦૨૭ માટે વિષયવાર સેમ્પલ ક્વેશ્ચન પેપર બહાર પાડ્યા છે. આ સાથે જ સીબીએસઈએ ૨૦૨૭ બોર્ડ પરીક્ષાની અસેસમેન્ટ અને માર્કિંગ સ્કીમ પણ જાહેર કરી છે, જેમાં સીબીએસઈ દ્વારા કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

સીબીએસઈએ ૧૦માંની બોર્ડ પરીક્ષા ૨૦૨૭ માટે કુલ ૬૧ વિષયોના સેમ્પલ પેપર જાહેર કર્યા છે. આ સાથે જ પરીક્ષા અસેસમેન્ટ અને માર્કિંગ સ્કીમ પણ બહાર પાડવામાં આવી છે. વિદ્યાર્થીઓ વિષયવાર સેમ્પલ પેપર ઓનલાઈન ડાઉનલોડ કરી શકે છે. વિષયવાર સેમ્પલ પેપરની સાથે બીજી લિંકમાં અસેસમેન્ટ અને માર્કિંગ સ્કીમની માહિતી આપવામાં આવી છે.સીબીએસઈએ ૧૨માંની બોર્ડ પરીક્ષા ૨૦૨૭ માટે કુલ ૭૯ વિષયોના સેમ્પલ પેપર જાહેર કર્યા છે. વિદ્યાર્થીઓ વિષયવાર સેમ્પલ પેપર ઓનલાઈન ડાઉનલોડ કરી શકે છે. વિષયવાર સેમ્પલ પેપરની સાથે બીજી લિંકમાં અસેસમેન્ટ અને માર્કિંગ સ્કીમની માહિતી આપવામાં આવી છે.આ સેમ્પલ પેપરની મદદથી વિદ્યાર્થીઓ ૨૦૨૭ બોર્ડ પરીક્ષાની તૈયારી કરી શકે છે. જેમ કે, સેમ્પલ પેપરના માધ્યમથી વિદ્યાર્થીઓ બોર્ડ પરીક્ષામાં પૂછાતા પ્રશ્નોની પેટર્ન વિશે જાણી શકે છે. તેને ઉકેલવાથી વિદ્યાર્થીઓ પોતાના ટાઈમ મેનેજમેન્ટને વધુ સારું બનાવી શકે છે.સીબીએસઈએ બોર્ડ પરીક્ષા ૨૦૨૭ માટે સેમ્પલ પેપર જાહેર કરવાની સાથે જ સ્પષ્ટ કર્યું છે કે, બોર્ડ પરીક્ષાની અસેસમેન્ટ અને માર્કિંગ સ્કીમમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. સીબીએસઈએ જણાવ્યું છે કે, બોર્ડ પરીક્ષાની અસેસમેન્ટ અને માર્કિંગ સ્કીમ ૨૦૨૬ બોર્ડ પરીક્ષાની જેમ જ રહેશે.

**(પહેલાં પાનાનું ચાલુ)**
**હવે નીતિન ગડકરી...**

રિપોર્ટ અનુસાર, આ વાહનને ચલાવવાનો ખર્ચ આશરે રૂા. ૨૫ પ્રતિ લીટર પેટ્રોલની કિંમત જેટલો જ બેસી શકે છે. ટોયોટાએ તેની ભારતીય વેબસાઈટ પર ઓક્ટોબરના કોમર્શિયલ લોન્ચ અંગે અલગથી કોઈ જાહેરાત કરી નથી, પરંતુ ઓટોમેકર કંપની છેલ્લા કેટલાક વર્ષોથી આ ટેકનોલોજી પર કામ કરી રહી છે. અગાઉ ઓગસ્ટ ૨૦૨૩માં ટોયોટા કિર્લોસ્કર મોટરે દિલ્હીમાં ઈનોવા હાઈક્રોસ પર આધારિત ઈલેક્ટ્રિફાઈડ ફ્લેક્સ-ફ્યુઅલ પ્રોટોટાઈપ રજૂ કર્યો હતો. આ વાહનમાં ફ્લેક્સ-ફ્યુઅલ એન્જિન સાથે મજબૂત હાઈબ્રિડ ઈલેક્ટ્રિફાઈડ પાવરટ્રેન આપવામાં આવ્યું છે, જે E20થી વધુ ઈથેનોલ મિશ્રણ પર પણ કામ કરી શકે છે.

કંપનીના જણાવ્યા અનુસાર, વિશિષ્ટ ટેસ્ટ કન્ડિશનમાં આ સ્ટ્રોંગ હાઈબ્રિડ સિસ્ટમ લગભગ ૬૦ ટકા સમય માટે પેટ્રોલ એન્જિન બંધ રાખીને અને લગભગ ૪૦ ટકા અંતર ઈલેક્ટ્રિફાઈડ મોડ પર કાપી શકે છે. દિલ્હીના કાર્યક્રમમાં ગડકરીએ એવો પણ દાવો કર્યો હતો કે ઈથેનોલના વધુ ઉપયોગથી કૃષિ ક્ષેત્રની કાચી સામગ્રીની માંગમાં વધારો થશે. મકાઈમાંથી ઈથેનોલ બનાવવાના નિર્ણયથી ઉત્તર પ્રદેશ અને બિહારના ખેડૂતોને રૂા.૪૫,૦૦૦ કરોડનો ફાયદો થયો છે. સરકારની નીતિ ઘરેલું ઈથેનોલ ઉત્પાદનને પ્રોત્સાહન આપવા અને પરંપરાગત ઈંધણ પરની નિર્ભરતા ઘટાડવાની હોવી જોઈએ. પેટ્રોલિયમ મંત્રાલયના જણાવ્યા અનુસાર, છેલ્લા દાયકામાં સરકારે ઈથેનોલ ઉત્પાદન માટે શેરડી આધારિત ઉત્પાદનો, નુકસાન પામેલા અનાજ, મકાઈ અને વધારાના ચોખા જેવા વિવિધ વિકલ્પોનો વ્યાપ વધાર્યો છે, જેના કારણે દેશમાં ઈથેનોલ ઉત્પાદન ક્ષમતા ૨૦૧૪ના ૪૨૧ કરોડ લીટરથી વધીને ૨૦૨૬માં આશરે ૨,૦૦૦ કરોડ લીટર સુધી પહોંચી ગઈ છે.

# વલસાડ જિલ્લામાં અસ્ટોલ જૂથ પાણી પુરવઠા યોજનાના ૧૭૪ ગામોના ૨૫૮ ઓપરેટરો માટે પ્રોત્સાહન યોજનાનો શુભારંભ

## ધરમપુર, કપરાડા અને નાનાપોંઢાના ઓપરેટરોને ત્રિમાસિક ધોરણે રૂ.૩,૦૦૦ સુધીનું પ્રોત્સાહન મળશેઃ જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૪**

વલસાડ જિલ્લાની મહત્વાકાંક્ષી એવી અસ્ટોલ જૂથ પાણી પુરવઠા યોજના હેઠળ ગ્રામ્ય કક્ષાની પાણી પુરવઠા યોજનાઓનું અસરકારક અને યોગ્ય સંચાલન થાય, લોકોને નિયમિત પાણી પુરવઠો મળી રહે તે માટે ઓપરેટરોની ભૂમિકા મહત્વપૂર્ણ હોવાથી રાજ્ય સરકારના પાણી પુરવઠા વિભાગ દ્વારા પાયલોટ પ્રોજેક્ટ તરીકે ધરમપુર, કપરાડા અને નાનાપોંઢાના ૧૭૪ ગામોના ઓપરેટરો માટે પ્રોત્સાહન યોજના અમલમાં મુકવામાં આવી છે જેનો શુભારંભ કાર્યક્રમ જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલના અધ્યક્ષસ્થાને ધરમપુરના શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ ખાતે યોજાયો હતો.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલે ઓપરેટરોને સંબોધીને જણાવ્યું કે, જળ એ જીવન છે અને ગ્રામજનોને પાણી પીવડાવી તમે પુણ્યનું કામ કરી રહ્યા છો. રાજ્ય સરકાર દ્વારા દરેક નાગરિકોની ચિંતા કરી દરેક ઘરે શુધ્ધ, પુરતું અને નિયમિત પીવાનું પાણી મળી રહે તે માટે અથાગ પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે. ત્યારે રાજ્ય સરકાર દ્વારા નવી યોજનાનો શુભારંભ કરવામાં આવ્યો છે. ધરમપુર, કપરાડા અને નાનાપોંઢાના ૧૭૪ ગામોના ગ્રામ્ય કક્ષાના ૨૫૮ જેટલા ઓપરેટરોને પ્રોત્સાહન યોજના હેઠળ નિયત માપદંડ મુજબ ત્રિમાસિક ધોરણે વધુમાં વધુ રૂ.૩,૦૦૦ એટલે કે વાર્ષિક રૂ.૧૨,૦૦૦ સુધીનું પ્રોત્સાહન આપવામાં આવશે. આ યોજનાનો લાભ મળવાથી ઓપરેટર ઉત્સાહભેર કામ કરશે, તેને પ્રોત્સાહન મળશે, અસ્ટોલ જૂથના દરેક ગામોમાં નિયમિત પાણી વિતરણ થશે. ગામમાં પીવાના પાણીને લગતી ફરિયાદોનો ત્વિરત ઉકેલ આવશે, લીકેજ અને નાના મોટા રિપેરીંગ કામ ઓપરેટર દ્વારા સમયસર થઈ શકશે, નિયમિત કલોરીનેશન અને પાણીની ગુણવત્તા ચેક કરાશે. જેથી આ યોજના ઓપરેટરો માટે ખૂબ જ પ્રોત્સાહક તરીકે પુરવાર થશે.

ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે જણાવ્યું કે, પીવાના પાણીની મહત્વની બાબતે સરકાર ખૂબ જ સંવેદનશીલતા દાખવી લોક ઉપયોગી કામો અને લોકોની સુખાકારીમાં વધારો થાય તેવા પ્રયાસ કરી રહી છે. ત્યારે સાથે સાથે પોતાના ગામની પીવાના પાણીની યોજનાઓનું સુવ્યવસ્થિત રખરખાવ કરે, પાણીનો બગાડ ઓછો થાય અને પાણી બચાવવાના પ્રયત્ન કરવામાં આવે તેવી લોકો પાસે અપેક્ષા છે. આ પ્રોત્સાહન યોજનાના અમલથી ૧૭૪ ગામમાં પાણીની સમસ્યા હલ થશે. વધુમાં તેમણે ટોલ ફ્રી નંબર ૧૯૦૦ કેટલા ઓપરેટરોને ખબર છે એમ પૂછી આ ટોલ ફ્રી નંબરના ફાયદા સમજાવ્યા હતા.

કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું કે, અસ્ટોલ યોજના હેઠળ જે પીવાનું પાણી આપવામાં આવે છે તે રૂ.૨૦ની પાણીની બોટલ કરતા પણ શુદ્ધ છે. મારા ગરીબ આદિવાસી પરિવારને ક્યારેય વેચાતું પાણી લેવું પડશે નહી. અનેક વાર હું જાતે જઈને ચેક કરું છું અને ખામી દેખાય તો તુરંત અધિકારીઓનું ધ્યાન દોરૂં છું, જેથી નિયમિત પાણી મળી રહે. સરકારે પાણી ઠેઠ સુધી જાય તેવી વ્યવસ્થા કરી છે. આ સિવાય કપરાડા તાલુકામાં મોટા ચેકડેમ ૧૦ થી ૧૫ મીટરના બની રહ્યા છે. જેથી પાણીનો સંગ્રહ થઈ શકે અને જળ સ્તર ઉપર આવે. ધારાસભ્ય ફંડમાંથી લાઈન નાંખવાની અને રીપેર કરવાની મંજૂરી માંગી છે.

લોકોને નિયમિત પાણી મળી રહે તે માટે ગામે ગામ જઈ લોકસંપર્ક કેળવી લોકોની પાણીની સમસ્યાના ઉકેલ માટે સતત કાર્યરત રહેતા વાસ્મોના ડેપ્યુટી મેનેજર (સોશીયલ) કોકીલાબેન પટેલનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ધરમપુર તાલુકા પંચાયતના પ્રમુખ શકુંતલાબેન ચૌધરી, નાનાપોંઢા તાલુકા પંચાયતના પ્રમુખ મનિષાબેન પટેલ, કપરાડા તાલુકા પંચાયતના પ્રમુખ ભરતભાઈ ગાંવઠા, પાણી પુરવઠા વિભાગ સુરતના મુખ્ય ઈજનેર લક્ષ્મણ કોટા, વલસાડ પાણી પુરવઠા વિભાગના અધિક્ષક ઈજનેર આર.એ.પટેલ સહિત કપરાડા, નાનાપોંઢા અને ધરમપુરના તાલુકા વિકાસ અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં ઓપરેટરો ઉપસ્થિત રહ્યા હતા.

આભારવિધિ વાસ્મોના કાર્યપાલક ઈજનેર એચ.એમ. પટેલે કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષક તારેશ સોનીએ કર્યું હતું.

# વાપીમાં નેત્રદાનના સંકલ્પ સાથે મહર્ષિ દધિચી જયંતિની શ્રદ્ધા અને ઉલ્લાસ સાથે કરાયેલી ઉજવણી





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૪**

ધર્મરક્ષા અને લોક કલ્યાણ માટે દેવરાજ ઈન્દ્રની વિનંતિથી પોતાના અસ્થિયોનું દાન આપનાર મહાત્માથી મહર્ષિ દધીચી જયંતિનો સમારોહ શનિવારે શ્રદ્ધા અને ઉલ્લાસ સાથે યોજાયો હતો.

દધીચ સમાજ વાપી દમણ, સેલવાસ દ્વારા ચલા સુગર એન્ડ સ્પાઈસ હોલમાં સમારોહ યોજાયો હતો. શુભારંભ વાપી મનપાના નગર સેવિકા મનિષા દાયમા અને પદાધિકારીઓએ મા દધિમતીના ફોટા સન્મુખ અખંડ જયોત પ્રજવલીત કરીને થયો હતો. કાર્યક્રમમાં દધીચ મહિલા મંડળ દ્વારા સંગીતામય સામુહિક મંગલ પાઠ દ્વારા મહર્ષિ દધીચી અને કુલદેવીમાં દધિમતીની આરાધના કરી હતી.

સુર્યપ્રકાશ દધીચ અને સાથિયોને ભગવાન શિવમાં દધિમતી, રાધા કૃષ્ણના ભજનોની સુંદર, પ્રસ્તુતિ થકી માહોલ ભક્તિમય બન્યો હતો. સમાજની અગ્રણી બી.કે.દાયમાએ મહર્ષિ દધિચીના જીવન ઉપર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે વત્રાસુરના વધ માટે વજ્ર નિર્માણ હેતુ દેવરાજ ઈન્દ્રએ તેમના અસ્થિયો માટે વિનંતિ કરી હતી. લોક કલ્યાણ અને ધર્મ માટે પોતાના જીવનનો ત્યાગ કર્યો હતો. પરીજનોએ આ શિક્ષા આત્મસાત કરવી જરૂરી છે.

દધીચી સમાજે આ અવસરે વાપીમાં નેત્રદાન અભિયાન શ્રી ગણેશ સાથે સંકલ્પ લીધા હતા. સમાજના વરિષ્ઠ સત્યનારાયણ કુદાલ, શિવકુમાર ઓઝાએ મનમા પાર્ષદ મનિષા દાયમાને સમાજસેવા બદલ સાલ ઓઢાડી સન્માન કર્યું હતું. ક્વિઝ સ્પર્ધાના વિજેતા બાળકોનું સન્માન કરાયું હતું. આરતી, મહાપ્રસાદ બાદ કાર્યક્રમનું સમાપન થયો હતો. કાર્યક્રમનું સંચાલન દિનેશ દાયમાંએ કર્યું હતું.

# પારડી શહેર તથા પારડી તાલુકાના સંયુક્ત ઉપક્રમે ડુંગરી વૃદ્ધાશ્રમ તથા પારડી સીએચસી ખાતે સેવાકીય કાર્યક્રમ







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા.૨૪**

તારીખ ૨૩/૯/૨૦૨૬ના રોજ ડુંગરી ખાતે આવેલ આધાર ટ્રસ્ટના વૃદ્ધાશ્રમ ખાતે તથા પારડી રેફરલ હોસ્પિટલ તથા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પારડી શહેર તથા પારડી તાલુકાના ભાજપના હોદ્દેદારો કાર્યકર્તાઓ પહોંચી સીએચસી ખાતે આવતાં દર્દીઓ તથા વૃદ્ધાશ્રમના વૃદ્ધોને ફળ વિતરણ કરી એક સુંદર મજાનું સેવાકીય કાર્ય કરવામાં આવ્યું હતું.

આ સેવાકીય કાર્યક્રમમાં પારડી તાલુકા ભાજપ પ્રમુખ શ્રી પુનિતભાઈ પટેલ, પારડી શહેર ભાજપ પ્રમુખ શ્રી વિપુલભાઈ પટેલ, મહામંત્રી શ્રી ઝુબીનભાઈ દેસાઈ, પૂર્વ ભાજપ પારડી તાલુકા પ્રમુખ શ્રી મહેશભાઈ દેસાઈ, શ્રીમતી પુષ્પાબેન પારડીવાલા, વલસાડ જિલ્લા પંચાયત કારોબારી અધ્યક્ષ શ્રી પ્રજ્ઞેશભાઈ પટેલ, પારડી નગરપાલિકા પ્રમુખ શ્રી ચેતનભાઈ નાયકા, કારોબારી અધ્યક્ષ શ્રી ચેતનભાઈ ભંડારી, આરોગ્ય ચેરમેન શ્રી કિરણભાઈ પટેલ, બાંધકામ અધ્યક્ષ શ્રી પ્રણવભાઈ દેસાઈ, ટીપી ચેરમેન શ્રી શિરીષભાઈ પટેલ, નગરપાલિકા સદસ્ય શ્રીમતી ભૂમિબેન પારેખ, શ્રીમતી મેઘાબેન ભાવસાર, શ્રી જીગ્નેશભાઈ માંગેલા, શ્રીમતી અનિતાબેન રાય, શ્રી લાલજીભાઈ યાદવ તથા સંગઠનના શ્રી મુકેશભાઈ ભગત, મુન્નાભાઈ દેસાઈ સહિત પારડી શહેર તથા પારડી તાલુકાના સંગઠનના હોદ્દેદારો નગરપાલિકાના સદસ્ય તાલુકા પંચાયતના સદસ્ય કાર્યકર્તાઓ ઉપસ્થિત રહી આ સેવાકીય કાર્યક્રમમાં સહભાગી બની આ કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

# પારડીની સરકારી વિજ્ઞાન કોલેજમાં રિસર્ચ ઓરિએન્ટેશન એન્ડ સ્કોલરલી સ્કિલ્સ વર્કશોપ યોજાયો






**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૪**

પારડીની સરકારી વિજ્ઞાન કોલેજના રિસર્ચ સેલ દ્વારા એક દિવસીય રિસર્ચ ઓરિએન્ટેશન એન્ડ સ્કોલરલી સ્કિલ્સ વર્કશોપ ''રિસર્ચ કનેક્ટ ૨૦૨૬''નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

અમદાવાદ સ્થિત પબ્લિક નોલેજ કન્સોર્ટિયમ ઑફ ગુજરાતની રિસર્ચ, ઈનોવેશન એન્ડ એક્સટેન્શન ગ્રાન્ટ્સ ટૂ ગવર્મેન્ટ કૉલેજીસની યોજના હેઠળ યોજાયેલા આ વર્કશોપનો ઉદ્દેશ્ય અંડરગ્રેજ્યુએટ અને પોસ્ટગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ, રિસર્ચ સ્કોલર્સ અને અધ્યાપકોમાં સંશોધન સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાનો હતો. આ કાર્યક્રમના મુખ્ય પેટ્રન ડૉ. દિલીપકુમાર રાણા (કમિશનર, ઉચ્ચ અને તકનીકી શિક્ષણ તથા સીઈઓ, કેસીજી) તેમજ કન્વીનર ડૉ. હેતલ ટંડેલ (આચાર્ય, ગવર્નમેન્ટ સાયન્સ કૉલેજ, પારડી) રહ્યા હતા.

''લર્ન, એક્સપ્લોર એન્ડ પબ્લિશ''ના વિઝન સાથે આ વર્કશોપમાં પરંપરાગત વર્ગખંડ શિક્ષણથી આગળ વધીને નવીનતા અને વૈજ્ઞાનિક લેખન તરફ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ વર્કશોપમાં ચાર વિશેષ સત્રોનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં નિષ્ણાત વકતાઓએ માર્ગદર્શન આપ્યું હતું. સત્ર ૧ સાયન્સ કથાઃ મોહનલાલ સુખાડિયા યુનિવર્સિટી, ઉદયપુરના ડૉ. હરીશે વૈજ્ઞાનિક ઈતિહાસની અનકહી કહાનીઓ અને સંશોધન પાછળના માનવ સંઘર્ષ વિશે ચર્ચા કરી હતી. સત્ર ૨ એનપીટીઈલ જાગૃતિ સત્રઃ વનિતા વિશ્રામ વૂમન્સ યુનિવર્સિટી, સુરતના ડૉ. નવનીત જે. ચોથાણીએ વર્ગખંડના શિક્ષણને કારકિર્દી માટે સજ્જ બનાવવા એનપીટીઈલ/સ્વયમ પ્લેટફોર્મના ઉપયોગ પર માર્ગદર્શન આપ્યું હતું. સત્ર ૩ સંશોધનના મુખ્ય ક્ષેત્રોઃ એસએઆર કૉલેજ ઑફ ફાર્મસીના ડૉ. વિપુલ ટી. પ્રજાપતિએ ફાઈટોફાર્માસ્યુટિકલ્સ, કેમિકલ બાયોલોજી અને ફાઈટોકેમિસ્ટ્રી ક્ષેત્રે સંશોધનની તકો વિશે ચર્ચા કરી હતી. સત્ર ૪ ઉચ્ચ-પ્રભાવ ધરાવતા રિસર્ચ પેપર તૈયાર કરવાની માર્ગદર્શિકાઃ ડૉ. હરીશે સંશોધન પત્રો લખવાની પદ્ધતિ, જર્નલની પસંદગી, પીઅર રિવ્યૂ અને પ્રકાશન નીતિઓ અંગે વિસ્તૃત તાલીમ આપી હતી. વર્ષ ૨૦૧૬માં સ્થપાયેલી અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન ગવર્નમેન્ટ સાયન્સ કૉલેજ, પારડી એસ.એસ.આઈ.પી. જેવા માધ્યમો દ્વારા વિદ્યાર્થીઓમાં સ્ટાર્ટઅપ અને ઈનોવેશનને સતત પ્રોત્સાહિત કરી રહી છે. આ કાર્યશાળાના માધ્યમથી સહભાગીઓને સંશોધન ક્ષેત્રે આગળ વધવા માટે મૂલ્યવાન માર્ગદર્શન અને ચેકલિસ્ટ પ્રાપ્ત થયા છે.

# વલસાડના રોણવેલ ગામમાં સેવાસેતુ કાર્યક્રમ યોજાયો, ૬૦ થી વધુ ગ્રામજનોએ લાભ લીધો





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૪**

રાજ્ય સરકારના વિવિધ વિભાગોની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ અને સેવાઓનો લાભ નાગરિકોને ઘર આંગણે એક જ સ્થળ પર જ મળી રહે તે માટે વલસાડ તાલુકાના રોણવેલ ગામમાં પ્રાથમિક શાળા ખાતે સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો અંદાજે આસપાસના ગામોના કુલ ૬૦ થી વધુ લોકોએ લાભ લીધો હતો.

નાગરિકોને સરકારી કચેરીઓના ધક્કા ન ખાવા પડે તેમજ વિવિધ સરકારી સેવાઓ અને યોજનાઓનો લાભ સરળતાથી, પારદર્શક રીતે અને એક જ સ્થળેથી મળી રહે તેવા શુભ આશય સાથે રાજ્ય સરકાર દ્વારા ઠેર ઠેર આયોજિત સેવાસેતુ કાર્યક્રમ પૈકી વલસાડ તાલુકા રોણવેલ ગામમાં પ્રાથમિક શાળા ખાતે આયોજિત સેવાસેતુ કાર્યક્રમમાં અનેક લોકોના રાશન કાર્ડમાં સુધારો, આધાર કાર્ડ અપડેટ, આયુષ્યમાન કાર્ડ કઢાવી આપવા અને અપડેટ કરવા અને સોલાર કનેક્શન સહિત વિવિધ યોજનાકીય લાભ લોકોએ મેળવ્યા હતા. સંબંધિત વિભાગોના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા અનેક ગ્રામજનોને યોજનાના લાભ અંગે માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. આ સેવાસેતુમાં ચણવઈ, બિનવાડા, રાબડા, જુજવા, પાથરી, અટકપારડી, વશીયર, ગાડરીયા, અંજલાવ, ભોમાપારડી અને રોણવેલ ગામના ૬૦ લોકોએ લાભ લીધો હતો.

**લાઈટ બીલમાં મોબાઈલ નંબર અપડેટ કરાવવાનો હતો તે કામ તુરંત થઈ ગયુંઃ** રોણવેલ નજીક આવેલા ભોમાપારડી ગામના રહીશ ડાહ્યાભાઈ પટેલે જણાવ્યું કે, મારે ઘરે સોલાર કનેકશન લગાવવું છે તે માટે જરૂરી માહિતી મેળવવી હતી તે મને સેવાસેતુમાં સંતોષકારક મળી છે. આ સિવાય મારા લાઈટ બિલમાં મોબાઈલ નંબર અપડેટ કરાવવાનો હતો તો તે પણ અહી થઈ ગયું છે. જે બદલ હું સરકારનો આભાર માનું છું.

**આયુષ્યમાન કાર્ડ કઢાવવાનો બાકી હતો હતો સેવાસેતુમાં મળી ગયોઃ** ગાડરીયા ગામના ટેકરા ફળિયામાં રહેતી વૈશાલીબેન નાયકા જણાવે છે કે, મને ગામના સરપંચ દ્વારા સેવાસેતુ કાર્યક્રમની જાણ થતા હું અહીં આવી હતી, મારે આયુષ્યમાન કાર્ડ કઢાવવાનો બાકી હતો. જેથી હું તુરંત અહીં આવી અને જરૂરી ડોક્યુમેન્ટ આપ્યા હતા અને મને મારો આયુષ્યમાન કાઢી આપવામાં આવ્યો હતો જે બદલ સરકારનો આભાર માનુ છું.

**ગામમાં સેવાસેતુ ન હોત તો મારે વલસાડ સુધી જવું પડતું અને નાણાં-સમયનો વ્યય થાતઃ** રોણવેલ ગામની પાયલ પટેલે જણાવ્યું કે, મારા દીકરાનો આધાર કાર્ડ અપડેટ કરાવવાનો હતો. ગ્રામ પંચાયત દ્વારા ગામમાં જ સેવા સેતુ કાર્યક્રમની જાણ થતા હું મારા દીકરાને લઈને આવી હતી અને બે મીનીટમાં જ આધાર અપડેટ થઈ ગયો હતો. જો ગામમાં સેવાસેતુનું આયોજન ન હોત તો મારે વલસાડ સુધી જવું પડતું અને મારો સમય અને નાણાંનો વ્યય થતે. ગામમાં જ સેવાસેતુના આયોજન બદલ સરકારનો આભાર માનું છું.

**આધાર કાર્ડમાં મોબાઈલ નંબર તરત અપડેટ થઈ ગયોઃ** બિનવાડા ગામના રહીશ પરેશભાઈ પટેલે જણાવ્યું કે, સરપંચે મોબાઈલમાં સેવાસેતુ કાર્યક્રમની જાણ કરતા હું અહી આવ્યો અને મારા આધાર કાર્ડમાં મોબાઈલ નંબર અપડેટ કરાવવાનો હતો તે તાત્કાલિક થઈ ગયો હતો. જે બદલ સરકારનો આભાર માનુ છું.

# આંતરરાષ્ટ્રીય મહિલા ખેડૂત વર્ષ-૨૦૨૬ અંતર્ગત ધરમપુરના બરૂમાળ ખાતે તાલીમ કાર્યક્રમ યોજાયો




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૪**

આંતરરાષ્ટ્રીય મહિલા ખેડૂત વર્ષ ૨૦૨૬ની ઉજવણી અંતર્ગત ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ તથા આત્મા પ્રોજેક્ટ, વલસાડના સંયુક્ત ઉપક્રમે ''જિલ્લા અંદર તાલીમ'' કાર્યક્રમનું આયોજન તા.૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ બરૂમાળ, ધરમપુર ખાતે કરવામાં આવ્યું હતું. આ તાલીમ કાર્યક્રમમાં વલસાડ જિલ્લાના પારડી, વલસાડ, ધરમપુર, કપરાડા, નાનાપોંઢા તથા ઉમરગામ તાલુકાઓમાંથી કુલ આશરે ૬૦૦ મહિલા ખેડૂતોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન આત્મા પ્રોજેક્ટ વલસાડના પ્રોજેક્ટ ડાયરેક્ટર ડી. એન. પટેલ દ્વારા પ્રાકૃતિક કૃષિ તથા પ્રાકૃતિક કૃષિના પાંચ આયામો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની પદ્ધતિઓ, તેના મહત્વ તથા ખેતરમાં પાંચ આયામોના વ્યવહારુ ઉપયોગ અંગે માહિતી આપવામાં આવી હતી. તદુપરાંત KVK અંભેટીના ડૉ. બાલુભાઈ પટેલ દ્વારા પશુપાલન વિષય પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં પશુપાલનનું મહત્વ, પશુઓની યોગ્ય સંભાળ, પોષણ તથા ખેતી સાથે પશુપાલનના સંકલન અંગે મહિલા ખેડૂતોને ઉપયોગી માહિતી આપવામાં આવી હતી.

આ કાર્યક્રમનો મુખ્ય હેતુ મહિલા ખેડૂતોમાં પ્રાકૃતિક કૃષિ, પશુપાલન તથા આધુનિક કૃષિ પદ્ધતિઓ અંગે જાગૃતિ અને જ્ઞાનમાં વધારો કરવાનો તેમજ મહિલાઓની કૃષિ ક્ષેત્રે સક્રિય ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો હતો. કાર્યક્રમ દરમિયાન મહિલા ખેડૂતોએ તાલીમમાં સક્રિય ભાગ લઈ પ્રાકૃતિક કૃષિ અને પશુપાલન અંગેની માહિતી મેળવી હતી.

વર્તમાન પ્રવાહ

તંત્રી લેખ

## બિહારથી બંગાળ સુધી એસ.આઈ.આર.ની કાર્યવાહી સામેનો વિવાદ હવે રાજધાની દિલ્હી સુધી પહોંચ્યો

કોઈપણ લોકશાહી માટે મતદારયાદી ચાવીરૂપ બની રહે છે. તેમાં પણ ભારત જેવા કરોડો મતદારને સમાવતી આ યાદી ક્ષતિ રહિત રહે તે અનિવાર્ય બની રહે છે. ભારતીય ચૂંટણીપંચે મતદારયાદીની ખાસ ગહન સમીક્ષા (એસઆઈઆર)ની પ્રક્રિયા હાથ ધરી ત્યારથી તેની સામે સવાલ ખડા થતા રહ્યા છે. હવે સામે આવી રહેલા મુદ્દા વિવાદની પરાકાષ્ઠા સમાન હોય તેમ જણાઈ રહ્યું છે. આમ તો મતદારયાદીમાંથી મૃત, સ્થાન બદલી ચૂકેલાઓના, બેવડી નોંધણી થયેલા અને અપાત્ર મતદારોના નામ કમી કરવા અને યોગ્ય મતદારોના નામો ઉમેરવાની આ આખી પ્રક્રિયા સામે તેના આરંભથી જ સવાલ ઊભા થઈ રહ્યા છે. તાજેતરમાં સામે આવેલી ચોંકાવનારી હકીકતો મુજબ બિહારથી બંગાળ સુધી એસઆઈઆરની કાર્યવાહી સામેનો વિવાદ હવે રાજધાની દિલ્હી સુધી પહોંચ્યો છે. આ પ્રકરણમાં હવે પૂર્વ નાયબ વડાપ્રધાન શ્રી એલ.કે. અડવાણી, પૂર્વ ઉપ રાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખડ, વિદેશ મંત્રી શ્રી એસ. જયશંકર સહિતની ટોચની સંખ્યાબંધ હસ્તીઓના મતદાર તરીકેના અસ્તિત્વ બાબતે નોટિસ અપાઈ છે. સ્વાભાવિક રીતે ચૂંટણીપંચની આ કાર્યવાહીએ ભારે ઉહાપોહ જગાવ્યો છે. હવે ચર્ચા એ છેડાઈ છે કે, ટેકનિકલ અથવા રેકર્ડની નોંધણી સમયની ઉણપોને કારણ આ ક્ષતિ હોઈ શકે છે. પણ તેનાથી કોઈને મતાધિકારથી વંચિત કરી શકાય કે નહીં? વળી આજકાલના સમયમાં લોકો પાસે જૂના દસ્તાવેજ ઉપલબ્ધ હોતા નથી આવા લોકોની સંખ્યા નાનીસૂની નથી. ગરીબો, સ્થળાંતર કરતા શ્રમજીવીઓ વૃદ્ધો પાસે તેમના જન્મને લગતા દસ્તાવેજો ઉપલબ્ધ હોતા નથી. વળી અમુક જણા પાસેના દસ્તાવેજોમાં નામ કે જન્મ તારીખમાં નજીવા ફેરફારને લીધે તેમની મતદારયાદીમાં નોંધણી જોખમમાં આવી પડે છે. ચૂંટણીપંચના આંકડા મુજબ પશ્ચિમ બંગાળમાં મતદારયાદીમાંથી બકાત થયેલા ૩૮ લાખથી વધુ લોકોએ અપીલ દાખલ કરી છે, તેમાં પ્રથમ તબક્કામાં ૧.૨૬ લાખ અપીલની ચકાસણી કરતાં ૯૦ ટકાના નામ મતદારયાદીમાં ફરી સમાવાયા છે. હવે રાજકીય સવાલ એ ઊભો થઈ રહ્યો છે કે, થોડા સમય અગાઉ યોજાયેલી રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં આ મતદારો મતાધિકારનો ઉપયોગ કરી શક્યા હોત તો પરિણામ અલગ આવી શક્યું હોત ખરૂં? આમ તો એસઆઈઆરના પ્રથમ તબક્કામાં ૩૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ૧૩ કરોડથી વધુ મતદારોના નામ યાદીમાંથી નીકળી ગયા છે. આમાં દિલ્હીના સૌથી વધુ ૩૨ ટકા નામ મુસદ્દા યાદીમાં સ્થાન પામ્યા નથી. આવા ૩૩ લાખથી વધુ લોકોને નોટિસ આપી છે, પણ મોટાભાગના કિસ્સામાં મતદારોની વિગતો ૨૦૦૨ની એસઆઈઆરની પ્રક્રિયાની સામે મેળ ખાતી નથી. સ્પષ્ટ છે કે, દસ્તાવેજોમાં સામાન્ય એવી ભૂલ હોઈ શકે છે. કોઈ વ્યક્તિ વ્યાવહારિક કારણોસર પોતાના આધાર રજૂ કરી શકે નહીં તો તેને મતાધિકારથી વંચિત રાખી શકાય નહીં. ખરેખર તો ચૂંટણીપંચે એસઆઈઆરની સફળતાને મતદારયાદીમાંથી કેટલા નામ દૂર કરાયા તેના માપદંડને આગળ ધરવાને બદલે કોઈ પણ પાત્ર મતદારનું નામ યાદીમાંથી બકાત રહી જાય નહીં તેની ખરાઈ કરવાની સફળતા પર ધ્યાન કેન્દ્રીત કરવું જોઈએ.

ગણેશ વિસર્જનનું આધ્યાત્મિક રહસ્ય..

# ગણેશ વિસર્જન એ કોઈ દુઃખદ વિદાય નથી પરંતુ ભૌતિક આકારમાંથી દૈવી ચેતના તરફની એક ગૌરવપૂર્ણ યાત્રા છે

**વિસર્જન સમયે તે માટીની મૂર્તિ પુનઃ જળમાં ઘૂળીને પંચતત્ત્વોમાં સમાઈ જાય છે, આ ક્રિયા આપણને એ શીખવે છે કે આકાર પામેલી પ્રત્યેક વસ્તુનામ અને રૂપ નશ્વર છે અને અંતે તે પોતાના મૂળઉત્સવ તત્ત્વમાં જ વિલીન થઈ જાય છે, જેમ શરીર પણ અંતે પંચમહાભૂતોમાં વિલીન થઈ જાય છે તેમ મૂર્તિ પણ જળમાં ભળી જાય છે**


સનાતન સંસ્કૃતિ અને ભારતીય ઉત્સવ પરંપરા માત્ર સામાજિક કે સાંસ્કૃતિક આનંદ પૂરતી મર્યાદિત નથી પરંતુ તેની પાછળ એક ગહન વૈજ્ઞાનિક અને આધ્યાત્મિક દર્શન છુપાયેલું છે. ભાદરવા સુદ ચતુર્થીના દિવસે અત્યંત ઉત્સાહ અને શ્રદ્ધા સાથે ઘરો તેમજ સાર્વજનિક સ્થળોએ પધરાવાતા વિઘ્નહર્તા ગણપતિજીનું અનંત ચૌદશના દિવસે જળમાં વિસર્જન કરવામાં આવે છે. આ એક શોક કે વિદાય જેવું લાગે છે પરંતુ જો ઊંડાણપૂર્વક સમજીએ તો ગણેશ વિસર્જન એ અંત નથી પણ એક અનંત યાત્રાનો આરંભ છે.

ગણપતિજીની માટીની મૂર્તિની સ્થાપના અને દસ દિવસની ભક્તિ પછી તેનું વિસર્જન કરવું એ વેદાંતના મહાસત્યોનું પ્રત્યક્ષ દર્શન કરાવે છે. આપણે મર્યાદિત આકાર ધરાવનાર શાંત નાશવંત સ્વરૂપને અનંત પરમાત્મામાં વિલીન કરીએ છીએ.

સાકાર ભગવાન મૂર્તિના રૂપમાં આપણી સમક્ષ હોય છે જયારે નિરાકાર પરમાત્મા આ સમગ્ર બ્રહ્માંડમાં સર્વવ્યાપક છે. મૂર્તિ વિસર્જન દ્વારા આપણે એ સત્ય સ્વીકારીએ છીએ કે ઈશ્વર માત્ર એક આકાર પૂરતા સીમિત નથી પરંતુ તેઓ સર્વત્ર વ્યાપ્ત છે. સગુણ ભક્તિનામ અને રૂપ સાથેની ઉપાસના દ્વારા શરૂ થયેલી સાધના અંતે નિર્ગુણ બ્રહ્મની અનુભૂતિમાં પરિવર્તિત થાય છે. જીવનમાં પણ વ્યક્તિપૂજા કે પ્રતીકપૂજાથી શરૂઆત કરીને છેવટે તત્ત્વપૂજા આત્મતત્ત્વ અને પરમાત્મતત્ત્વ તરફ આગળ વધવાનું હોય છે. ભારતીય દર્શનશાસ્ત્રમાં હંમેશાં 'તત્ત્વ'ને જ સર્વોચ્ચ પ્રમાણ માનવામાં આવ્યું છે.

**પંચતત્વમાં વિલીનીકરણ અને વૈજ્ઞાનિક આધ્યાત્મિક સમન્વય..**

આ આપણું સમગ્ર બ્રહ્માંડ અને માનવ શરીર મૂળ પાંચ મહાભૂતો એટલે કે પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશનું બનેલું છે. જે આ બ્રહ્માંડમાં છે તે જ આ શરીરમાં છે. જ્યારે આપણે શુદ્ધ માટીમાંથી ગણેશજીની પ્રતિમા બનાવીએ છીએ ત્યારે તે 'પૃથ્વી' તત્ત્વનું પ્રતીક બને છે. વૈદિક મંત્રો દ્વારા પ્રાણપ્રતિષ્ઠા કરીને તેમાં દૈવી ચેતનાનો સંચાર કરવામાં આવે છે.



વિસર્જન સમયે તે માટીની મૂર્તિ પુનઃ જળમાં ઘૂળીને પંચતત્ત્વોમાં સમાઈ જાય છે. આ ક્રિયા આપણને એ શીખવે છે કે આકાર પામેલી પ્રત્યેક વસ્તુનામ અને રૂપ નશ્વર છે અને અંતે તે પોતાના મૂળઉત્સવ તત્ત્વમાં જ વિલીન થઈ જાય છે. જેમ શરીર પણ અંતે પંચમહાભૂતોમાં વિલીન થઈ જાય છે તેમ મૂર્તિ પણ જળમાં ભળી જાય છે. ધર્મગ્રંથો અને પુરાણોમાં ગણેશ વિસર્જનની વિધિને પ્રકૃતિ અને પુરૂષના મિલન તરીકે દર્શાવવામાં આવી છે.

જળ એ નારાયણનું રૂપ છે. હિન્દુ ધર્મમાં જળને સાક્ષાત્ નારાયણવિષ્ણુનું સ્વરૂપ માનવામાં આવ્યું છે. પાણીમાં મૂર્તિનું ઓગળી જવું એટલે કે સાકાર રૂપે પૂજાયેલા પરમાત્મા હવે નિરાકાર બ્રહ્મમાં એકાકાર થઈ ગયા છે.

ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે સ્પષ્ટ કહ્યું છે કે આ સંસારમાં જેટલી પણ રચનાઓ, દેવીદેવતાઓ કે પ્રાણીઓ છે તે બધામાં હું જ વ્યાપ્ત છું અને અંતે સૌએ મારામાં જ ભળી જવાનું છે. વિસર્જન આ જ દૈવી વિલયનું જીવંત ઉદાહરણ છે.



ગણપતિ વિસર્જન

આલેખનઃ
વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી તા. શહેરા, જિ. પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

સંતો પ્રતીકવાદથી ઉપર ઊઠીને વાસ્તવિક આધ્યાત્મિક જીવન જીવવાની પ્રેરણા આપે છે. મૂર્તિ વિસર્જન આપણને મોહ અને આસક્તિમાંથી મુક્ત થવાનો પાઠ ભણાવે છે. જે વસ્તુ પ્રગટ થઈ છે તેનો નાશ નિશ્ચિત છે તેથી કોઈપણ ભૌતિક આકાર પ્રત્યે અત્યંત આસક્ત ન થતાં તેના આધ્યાત્મિક ભાવ સાથે જોડાવું જોઈએ. ગણપતિ વિસર્જન એટલે વિરાટ પરમાત્માની પૂજાનો આરંભ. જ્યારે આપણે બધા એક જ પરમાત્માના સંતાનો છીએ ત્યારે પૃથ્વી પર કોઈ પરકું નથી. સૌ આપણાં ભાઈઓ છે અને આપણું સૌનું દૈવી સગપણ છે આ ભાવના ગણેશ ઉત્સવ દ્વારા સમાજમાં દ્રઢ થવી જોઈએ. વિસર્જન પછી પણ ગણપતિનો ભાવ આપણા હૃદયમાં કાયમ રહેવો જોઈએ. મૂર્તિ તો માત્ર આપણી એકાગ્રતા માટેનું સાધન હતી. વાસ્તવિક ગણેશ બુદ્ધિવિવેક અને વિઘ્નહર્તા શક્તિ તો આપણા અંતઃકરણમાં બિરાજેલા છે. મૂર્તિ વિસર્જન દ્વારા આપણે બાહ્ય પૂજામાંથી આંતરિક ચેતના તરફ પ્રયાણ કરીએ છીએ.

જ્યારે આપણે ગણેશ વિસર્જનના આધ્યાત્મિક રહસ્યમાં 'સર્વવ્યાપક ઈશ્વરભાવના' પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ ત્યારે આપણી દ્રષ્ટિ સાંકડી ભક્તિમાંથી વિસ્તરીને એક વૈશ્વિક અને દિવ્ય ચેતના તરફ વળે છે. મૂર્તિનું જળમાં વિલીન થવું એ માત્ર એક ધાર્મિક વિધિ નથી પરંતુ તે આપણને એ વાતની યાદ અપાવે છે કે **ઈશ્વર કોઈ એક ચોક્કસ મૂર્તિ, મંદિર કે આકાર પૂરતા મર્યાદિત નથી પરંતુ આ સમગ્ર સૃષ્ટિમાં રગોરગમાં વ્યાપ્ત છે. દરેક જીવમાં ઈશ્વરદર્શન કરો. જેમ વિસર્જન બાદ માટી જળમાં મળીને અદ્રશ્ય થઈ જાય છે અને પાણીના કણકણમાં વ્યાપી જાય છે તેમ સાકાર મૂર્તિ નિરાકાર બ્રહ્મમાં એકાકાર થઈ જાય છે.** આ જ રીતે જ્યારે આપણે આ ભાવના કેળવીએ છીએ ત્યારે આપણને પ્રત્યેક જીવમાં, પ્રકૃતિમાં અને આખી સૃષ્ટિમાં તે જ પરમાત્માના દર્શન થવા લાગે છે.

ગણપતિ ઉત્સવ અને તેનું વિસર્જન આપણને એ શીખવે છે કે 'સૌ પરમાત્માના જ સંતાનો છે તેથી સૌ મારા ભાઈઓ છે' જ્યારે આપણે આ સત્ય સ્વીકારી લઈએ છીએ કે આપણા સૌનું દૈવી સગપણ એક જ પરમાત્મા સાથે જોડાયેલું છે ત્યારે આપોઆપ આપણી વચ્ચેના તમામ ભેદભાવો ઓગળી જાય છે.

બાહ્ય ગણેશજીની સ્થાપના અને વિસર્જન આપણને એ શીખવવા માટે છે કે જે બુદ્ધિવિવેક અને દૈવી શક્તિ આપણે મૂર્તિમાં સ્થાપિત કરી હતી તે જ શક્તિ આપણાં પોતાના અંતઃકરણમાં પણ બિરાજેલી છે. સર્વવ્યાપક ભાવના એટલે પોતાના અંદર રહેલા પરમાત્માને ઓળખીને બહારની દુનિયામાં પણ તે જ દિવ્યતા અનુભવવી.

દૈનિક જીવનમાં સર્વવ્યાપક ઈશ્વરભાવનાને કેવી રીતે ઉતારવી? વ્યવહારમાં નમ્રતા અને આદરભાવ રાખો. જ્યારે આપણે એ સમજીએ છીએ કે સામેવાળી વ્યક્તિમાં કે પ્રકૃતિના પ્રત્યેક તત્ત્વમાં એ જ સર્વવ્યાપક ઈશ્વરનો અંશ છે ત્યારે આપણો અન્ય પ્રત્યેનો વ્યવહાર સહજરૂપે આદરપૂર્વક અને સંવેદનશીલ બની જાય છે.

પાણીમાં માટીની મૂર્તિનું વિસર્જન આપણને પ્રકૃતિ સાથે એકાકાર થવાનો સંદેશ આપે છે. પ્રકૃતિ નદીઓ, જળ, માટી એ પણ પરમાત્માનું જ સ્થૂળ સ્વરૂપ છે તેથી પર્યાવરણનું રક્ષણ કરવું એ પણ સાચી ઈશ્વર ભક્તિ બની જાય છે. 'હું અને તું' કે 'મારા અને પારકા'ના ભેદો ત્યારે જ તૂટે છે જ્યારે સર્વવ્યાપકતાનો અનુભવ થાય છે. વિસર્જનનો અર્થ જ છે અલગપણાનો અંત અને એકત્વની શરૂઆત.


ગણેશ વિસર્જન એ કોઈ દુઃખદ વિદાય નથી પરંતુ ભૌતિક આકારમાંથી દૈવી ચેતના તરફની એક ગૌરવપૂર્ણ યાત્રા છે. તે આપણને યાદ કરાવે છે કે આપણે માટીમાંથી આવ્યા છીએ અને અંતે આપણે એ જ પરમાત્મામાં વિલીન થઈ જવાનું છે. ગણેશ વિસર્જન પછી ઉત્સવ ભલે પૂરો થઈ જાય પરંતુ તે ઉત્સવમાંથી શીખેલી 'સર્વત્ર ઈશ્વરભાવના' ક્યારેય પૂરી થવી જોઈએ નહીં તે આપણા જીવનનો સ્થાયી સ્વભાવ બનવી જોઈએ. આ પવિત્ર પર્વ આપણને અહંકાર છોડીને વિનમ્ર બનવાની અને સમગ્ર સૃષ્ટિને ઈશ્વરમય જોવાની દિવ્ય દ્રષ્ટિ પ્રદાન કરે છે.

# ભારતમાં કયું સ્થળ 'એલચીની ભૂમિ' તરીકે ઓળખાય છે?





ઘરે તમારા મસાલાના ડ્રોઅર ખોલો, અને તમને સૌથી પહેલા એલચી દેખાશે. તે એવી સામગ્રીમાંની એક છે જે થોડી માત્રામાં કોઈપણ વાનગીને બદલી શકે છે. તેને ચાના કપ, સુગંધિત પુલાવ, હલવામાં અથવા ભારતીય મીઠાઈમાં ઉમેરો. જ્યારે ભારત તેના એલચીથી ભરપૂર ખોરાક માટે જાણીતું છે, ત્યારે કર્ણાટકના એક શહેરનો આ મસાલા સાથે એટલો ઊંડો સંબંધ છે કે તેનું સ્થાનિક ઉપનામ તેની સુગંધ સાથે સીધું જોડાયેલું છે.



**હાવેરીને 'એલચીની ભૂમિ' તરીકે ઓળખવામાં આવે છે**

કર્ણાટકમાં, હાવેરીને ઘણીવાર 'યાલક્કી કમ્પીના નાડુ' કહેવામાં આવે છે. આ નામનો અર્થ 'એલચીની સુગંધની ભૂમિ' થાય છે. આ નામ શહેરના લાંબા સમયથી એલચી સાથેના જોડાણ પરથી આવ્યું છે, જે પેઢીઓથી તેની સ્થાનિક ઓળખનો ભાગ રહ્યું છે. કન્નડ શબ્દ 'યાલક્કી'નો અર્થ એલચી થાય છે, જયારે 'કમ્પુ'નો અર્થ સુગંધ થાય છે. સમય જતાં, આ મસાલા હાવેરી સાથે એટલો જોડાયેલો બની ગયો કે ઉપનામ અટકી ગયો અને આજે પણ ઉપયોગમાં લેવાય છે.

**હાવેરી શા માટે એલચી સાથે સંકળાયેલ છે?**

એક કારણ હાવેરીનો પરંપરાગત એલચીનો હાર છે, જે લાંબા સમયથી શહેર સાથે સંકળાયેલો છે. બાયડગી લાલ મરચાં જેવા ઉત્પાદનો સાથે, તેમણે સમગ્ર પ્રદેશમાં હાવેરીનું નામ મજબૂત બનાવવામાં મદદ કરી. રસપ્રદ વાત એ છે કે, આ નામ મોટા પાયે એલચીની ખેતીમાંથી આવ્યું નથી.

ભારતમાં મુખ્ય એલચી ઉગાડતા વિસ્તારો પશ્ચિમ ઘાટમાં છે, જે કેરળ, કર્ણાટક અને તમિલનાડુના કેટલાક ભાગોમાં ફેલાયેલા છે. આ મસાલા સાથે હાવેરીનો સંબંધ કૃષિ પેદાશો કરતાં પરંપરા અને સ્થાનિક સંસ્કૃતિ સાથે વધુ સંબંધિત છે.

**એલચી ખરેખર ક્યાં ઉગાડવામાં આવે છે?**

હાવેરીને 'એલચીની ભૂમિ' તરીકે ઓળખવામાં આવે છે, પરંતુ અહીં આ મસાલા મોટા પાયે ઉગાડવામાં આવતા નથી. એલચીની ખેતી મુખ્યત્વે પશ્ચિમ ઘાટમાં થાય છે, જ્યાં આબોહવા ઠંડી હોય છે અને વરસાદ પુષ્કળ હોય છે. કર્ણાટકમાં, કોડાગુ, ચિક્કમગલુરુ અને શિવમોગા જેવા જિલ્લાઓ તેમના એલચીના વાવેતર માટે જાણીતા છે. મોટાભાગના લોકો માટે, એલચી ફક્ત રસોડામાં મુખ્ય વસ્તુ છે. તેનો ઉપયોગ ચા, ખીર, હલવો, પુલાવ, બિરયાની અને અસંખ્ય અન્ય વાનગીઓમાં થાય છે.

પરંતુ હાવેરીમાં, આ મસાલાની એક અલગ વાર્તા છે. શહેર સાથે તેનો સંબંધ સદીઓ જૂનો છે અને એટલો ઊંડો છે કે એલચીની સુગંધ પોતે હાવેરીના ઉપનામનો ભાગ બની ગઈ છે.

# કાનુડાને વાંસળી કેમ પ્રિય છે... જાણો ભગવાન શ્રીકૃષ્ણની વાંસળીમાં છુપાયેલો જીવનનો સાર

**જ્યાં સુધી કહેવામાં ન આવે ત્યા સુધી બોલશો નહીં. બોલ ખૂબ કિંમતી છે. ખરાબ કે કડવું બોલવા કરતા સારું છે કે શાંત રહો. ત્રીજું જ્યારે પણ વાગે છે મધુર જ વાગે છે. મતલબ જ્યારે પણ બોલો તો મીઠું જ બોલો**

દરેક કાનુડાની વાંસળી વગાડતી મૂર્તિ જરૂર જોતા હશે. શ્રીકૃષ્ણની વાંસળી કાયમ બધા લોકોને જિજ્ઞાસાનું કેન્દ્ર રહી છે. મોટાભાગના લોકો શ્રીકૃષ્ણની વાંસળીનું રહસ્ય અને તેની પાછળની વાર્તા નથી જાણતા. ભગવાન શ્રીકૃષ્ણની વાંસળીમાં જીવનનો સાર છુપાયેલો છે. આવો અમે તમને બતાવીએ છે શ્રીકૃષ્ણની વાંસળી સાથે જોડાયેલ તથ્ય.



એકવાર શ્રીકૃષ્ણ યમુના કિનારે પોતાની વાંસળી વગાડી રહ્યા હતા. વાંસળીની મધુર તાન સાંભળીને તેમની આસપાસ ગોપીઓ આવી ગઈ. તેમણે કનૈયાને વાતોમાં લગાવીને વાંસળીને પોતાની પાસે રાખી લીધી. ગોપીઓએ વાંસળીને પૂછ્યુ 'તે ગયા જન્મમાં એવું તો કયું પુણ્યનું કાર્ય કર્યુ હતું જે તમે કેશવના ગુલાબની પાંખડી જેવા હોઠો પર સ્પર્શ કરતી રહે છે ? આ સાંભળીને વાંસળીએ હસીને કહ્યું મેં શ્રીકૃષ્ણની નિકટ આવવા માટે જન્મો સુધી રાહ જોઈ છે. આસપાસ ઘણા મનમોહક પુષ્પ અને ફળ હતા, એ છોડની તુલનામાં મારામાં કોઈ વિશેષ ગુણ નહોતો, પણ ભગવાને મને બીજા છોડ જેટલું જ મહત્વ આપ્યું. તેમના કોમળ ચરણ સ્પર્શ પામીને મેં પ્રેમનો અનુભવ કર્યો હતો. તેમને મારી કઠોરતાની પરવા કરી નહોતી. તેમના હૃદયમાં અથાગ પ્રેમ હતો. જીવનમાં પહેલીવાર કોઈએ મને આટલા પ્રેમથી સ્વીકારી હતી. આ જ કારણે મેં આજીવન તેમની સાથે રહેવાની કામના કરી. પણ એ સમયે તેઓ પોતાની મર્યાદામાં બંધાયેલા હતા. તેથી તેમને મને દ્વાપર યુગમાં પોતાની સાથે રાખવાનું વચન આપ્યું. આ રીતે શ્રીકૃષ્ણએ પોતાનું વચન નિભાવતા મને પોતાની નિકટ રાખી.

વાંસળીની પૂર્વજન્મની ગાથા સાંભળીને ગોપીઓ ભાવ વિભોર થઈ ગઈ. ભાગવતપુરાણમાં શ્રીકૃષ્ણના પ્રતીકો અને વાંસળી સાથે જોડાયેલ આવી જ અનેક વાર્તાઓ મળે છે. વાંસળીમાં જીવનના ૩ રહસ્યો છુપાયેલા છે. પ્રથમ રહસ્ય એ કે તેમાં ગાંઠ નથી. તે ખોખલી છે. તેનો મતલબ છે પોતાની અંદર કોઈપણ પ્રકારની ગાંઠ ન રાખો. ભલે કોઈ તમારી સાથે કશું પણ કરે બદલાની ભાવના ન રાખશો. બીજું રહસ્ય એ કે તે વગાડ્યા વગર વાગતી નથી. મતલબ જ્યાં સુધી કહેવામાં ન આવે ત્યા સુધી બોલશો નહીં. બોલ ખૂબ કિંમતી છે. ખરાબ કે કડવું બોલવા કરતા સારું છે કે શાંત રહો. ત્રીજું જ્યારે પણ વાગે છે મધુર જ વાગે છે. મતલબ જ્યારે પણ બોલો તો મીઠું જ બોલો.

# સ્પોર્ટ્સ ન્યુઝ

## ભારતે પાંચમા દિવસે કરી શાનદાર શરૂઆત: બેક ટૂ બેક મેડલ જીત્યાં




## સતનામ સિંહ અને સલમાન ખાનની જોડીએ રોઇંગમાં બ્રોન્ઝ મેડલ જીત્યો : ભારતના મેડલની સંખ્યા ૧૪ થઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૪:** આજે, ૨૪ સપ્ટેમ્બરના રોજ, એશિયન ગેમ્સ ૨૦૨૬ માં ભારતની શરૂઆત શાનદાર રહી. ભારતે અત્યાર સુધીમાં બે મેડલ જીત્યા છે. રોશીબીના દેવીએ વુશુમાં ભારત માટે સિલ્વર મેડલ જીત્યો હતો, જ્યારે સતનામ સિંહ અને સલમાન ખાનની જોડીએ રોઇંગમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. આ સાથે, ભારતનો કુલ મેડલ આંકડો ૧૪ પર પહોંચી ગયો છે. અત્યાર સુધીમાં, ભારતે એશિયન ગેમ્સ ૨૦૨૬ માં એક ગોલ્ડ, છ સિલ્વર અને સાત બ્રોન્ઝ મેડલ જીત્યા છે.



ભારતની સ્ટાર ફાઈટર રોશીબીના દેવીએ ભલે મહિલાઓની ૬૦ કિગ્રા વુશુ ઈવેન્ટની ફાઈનલમાં ગોલ્ડ મેડલથી ચૂકી ગઇ પરંતુ તેણે સિલ્વર મેડલ જીતીને ઈતિહાસમાં પોતાનું નામ અંકિત કરી દીધું છે. એશિયન ગેમ્સમાં રોશીબીના દેવીનો આ સતત ત્રીજો મેડલ છે. અગાઉ, તેણીએ ૨૦૧૮ માં જકાર્તામાં બ્રોન્ઝ અને ૨૦૨૩ માં હાંગઝોઉમાં સિલ્વર જીત્યો હતો. આ નોંધપાત્ર સિદ્ધિ સાથે, રોશીબીના દેવી એશિયન ગેમ્સના ઈતિહાસમાં ત્રણ મેડલ જીતનાર પ્રથમ ભારતીય વુશુ એથ્લીટ બની છે. ભારત માટે દિવસની શરૂઆત આનાથી સારી શું હોઇ શકે. ભારતે રોઈંગમાં મેડલ જીત્યો. ભારતીય જોડી સતનામ સિંહ અને સલમાન ખાને પુરુષોની ડબલ સ્કલ્સ ફાઈનલમાં શાનદાર પ્રદર્શન કરીને બ્રોન્ઝ મેડલ જીત્યો. સતનામ અને સલમાન ખાને ૨,૦૦૦ મીટર દોડ ૬:૧૩.૨૫ સેકન્ડમાં પૂર્ણ કરી, ત્રીજા સ્થાને પોડિયમ ફિનિશિંગ મેળવ્યું.

૧૯૮ કિગ્રા (સ્નેચમાં ૮૭ કિગ્રા, ક્લીન એન્ડ જર્કમાં ૧૧૧ કિગ્રા) કુલ વજન ઉપાડીને, મીરાબાઈ ચાનુએ એશિયન ગેમ્સમાં પોતાનો પહેલો મેડલ જીત્યો, જે ઉત્તર કોરિયાના ત્રણ વખતના ગોલ્ડ મેડલ વિજેતા રી સોંગ ગમથી પાછળ રહી, જેમણે ૨૧૫ કિગ્રા વજન ઉપાડીને વિશ્વ રેકોર્ડ તોડ્યો.

સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટી એકમાત્ર વિજેતા હતા, જ્યારે લક્ષ્યસેન, આયુષ શેટ્ટી અને અર્જુન-હરિહરનની જોડી હારી ગઈ, કારણ કે ચીને પુરુષોની ટીમ સેમિફાઈનલમાં ભારતને ૩-૧થી હરાવ્યું.

### કેપ્ટનશીપ પર ગંભીરનું મોટું નિવેદન

## શુભમન ગિલ નસીબદાર છે કે તેને રોહિત-વિરાટનો સાથ મળ્યો




(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૪:** વેસ્ટ ઈન્ડિઝ સામેની આગામી ૩ મેચની વન-ડે સીરિઝ પહેલા ભારતીય ક્રિકેટ ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીરે યુવા કપ્તાન શુભમન ગિલની આગેવાની અને તેના વિકાસમાં રોહિત શર્મા તથા વિરાટ કોહલીના યોગદાનની ભરપૂર પ્રશંસા કરી છે. ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચેની આ સીરિઝની પ્રથમ વન-ડે મેચ આગામી ૨૭ સપ્ટેમ્બરે તિરુવનંતપુરમના ગ્રીનફિલ્ડ ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે રમાશે. ગિલ ગત વર્ષથી વન-ડે ટીમનું સુકાન સંભાળી રહ્યા છે અને ૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપને ધ્યાનમાં રાખીને ટીમનું નેતૃત્વ કરી રહ્યા છે. આ સમગ્ર સફરમાં વરિષ્ઠ ખેલાડીઓનું માર્ગદર્શન અત્યંત મહત્ત્વપૂર્ણ સાબિત થઈ રહ્યું છે.

જીઓસ્ટાર સાથેની મુલાકાતમાં ગૌતમ ગંભીરે જણાવ્યું હતું કે વન-ડે ક્રિકેટમાં શુભમન ગિલ ખૂબ જ નસીબદાર છે કે તેને મેદાન પર અને મેદાનની બહાર માર્ગદર્શન આપવા માટે રોહિત અને વિરાટ જેવા અનુભવી ખેલાડીઓનો સાથ મળ્યો છે. નાની વયે ઘણીવાર લાગણીઓમાં તણાઈ જવાની સંભાવના રહે છે, પરંતુ ગિલે પોતાની શાંતિ જાળવી રાખીને ઉત્તમ પરિપક્વતા દર્શાવી છે. રોહિત શર્મા અને વિરાટ કોહલીની ટીમમાં વાપસીથી ભારતીય બેટિંગ લાઇન-અપને વધુ મજબૂતી મળશે, જ્યારે કેએલ રાહુલ ઉપાધ્યાય તરીકેની જવાબદારી સંભાળીને ટીમને સ્થિરતા પ્રદાન કરશે.

ગંભીરે ગિલના વખાણ કરતાં કહ્યું કે તેણે અત્યાર સુધીના દરેક મોરચે ઉત્તમ પ્રદર્શન કર્યું છે અને તે માત્ર રન બનાવીને જ નહીં પરંતુ પોતાના વર્તન અને રમતથી ટીમનું સચોટ નેતૃત્વ કરે છે. ગિલે અગાઉ પણ વેસ્ટ ઈન્ડિઝ સામે શાનદાર પ્રદર્શન કર્યું હતું અને તે આ સીરિઝમાં પણ પોતાના રેકોર્ડને વધુ મજબૂત કરવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે. પ્રથમ મેચ બાદ બીજી વન-ડે ૩૦ સપ્ટેમ્બરે ગુવાહાટીમાં અને ત્રીજી વન-ડે ૩ ઑક્ટોબરે ન્યુ ચંદીગઢ ખાતે રમાશે, ત્યારબાદ આ પ્રવાસ અંતર્ગત ૧૭ ઑક્ટોબર સુધી ટી-૨૦ સીરિઝ રમાશે.

# યમુના એક્સપ્રેસવે પર દોડતી બસમાં ભીષણ આગ, ૯ નાં મોત

## કેટલાક મુસાફરોએ બસમાંથી કૂદીને પોતાનો જીવ બચાવ્યો હતો




(સંપૂર્ણ સમાચાર સેવા)

**ગ્રેટર નોઈડા, તા.૨૪**

ઉત્તરપ્રદેશના ગ્રેટર નોઈડામાં જેવર પોલીસ સ્ટેશન વિસ્તારમાં યમુના એક્સપ્રેસવે પર મોટો અકસ્માત થયો છે. અહીં દોડતી સ્લીપર બસમાં અચાનક ભીષણ આગ લાગી હતી.

બસમાં આશરે ૪૦થી ૫૦ મુસાફરો સવાર હતા. જીવ બચાવવા માટે કેટલાક મુસાફરોએ બસમાંથી કૂદકો માર્યો હતો. આ દુર્ઘટનામાં ૯ લોકોનાં મોત થયા છે. નોઈડા પોલીસે આ વાતની પુષ્ટિ કરી છે.

આ અકસ્માત યમુના એક્સપ્રેસવે પર જેવર વિસ્તારમાં દયાનતપુર ગામ નજીક થયો હતો. બસ ગ્રેટર નોઈડાથી આગ્રા તરફ જઈ રહી હતી. આ દરમિયાન બસમાં અચાનક આગ લાગી હતી. થોડી જ વારમાં આગે આખી બસને પોતાની ઝપેટમાં લઈ લીધી હતી.

પ્રારંભિક અહેવાલોમાં જણાવવામાં આવ્યું હતું કે આગની જાણ થતાં જ ડ્રાઈવરે બસને રસ્તાની બાજુમાં ઊભી રાખી હતી અને ઘણા મુસાફરો બહાર નીકળી ગયા હતા. પોલીસના પ્રાથમિક અહેવાલમાં પણ મુસાફરોએ બસમાંથી કૂદીને પોતાનો જીવ બચાવ્યો હોવાની માહિતી આપવામાં આવી હતી. જોકે, નોઈડા પોલીસ પાસેથી મળેલી તાજી માહિતી અનુસાર આ અગ્નિકાંડમાં ૯ મુસાફરોનાં મોત થયા છે.

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે ગ્રેટર નોઈડામાં થયેલા માર્ગ અકસ્માતની નોંધ લીધી છે. ઝસ્એ મૃતકોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. સાથે જ અધિકારીઓને ઘાયલોની યોગ્ય સારવારની વ્યવસ્થા કરવાનો નિર્દેશ આપ્યો છે. મુખ્યમંત્રીએ મૃતકોના પરિવારજનો સાથે વાત કરી અને તેમને શક્ય તમામ મદદ ઉપલબ્ધ કરાવવાનો નિર્દેશ આપ્યો છે. તેમણે ઘાયલો ઝડપથી સ્વસ્થ થાય તેવી શુભેચ્છા વ્યક્ત કરી છે.

બસમાં આગ ઝડપથી ફેલાઈ જતાં કેટલાક મુસાફરો અંદર જ ફસાઈ ગયા હતા અને તેમને બહાર નીકળવાની તક મળી નહોતી. મૃતકોમાં વૃદ્ધ મહિલા અને દિવ્યાંગ બાળકોનો પણ સમાવેશ થાય છે. ઘાયલોને કૈલાશ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

બસ દિલ્હીથી મહોબા જઈ રહી હતી. બસનો નંબર BR 32 PA 8647 હોવાનું જણાવવામાં આવ્યું છે. આ બસ રાજ કલ્પના ટ્રાવેલ્સની હોવાનું કહેવાય છે.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર બસમાં આગ લાગ્યા બાદ ધુમાડો અને ઊંચી જ્વાળાઓ જોવા મળતાં મુસાફરોમાં અફરાતફરી મચી ગઈ હતી. ડ્રાઈવરે ઝડપથી એક્સપ્રેસવેની બાજુમાં બસ રોકી હતી, ત્યારબાદ કેટલાક મુસાફરોએ કૂદીને પોતાનો જીવ બચાવ્યો હતો. બીજી તરફ, કેટલાક લોકોએ બસમાંથી ફટાકડા ફૂટવા જેવા અવાજો સંભળાયા હોવાનો દાવો કર્યો છે. ટોલ કર્મચારીઓના જણાવ્યા અનુસાર ડબલ ડેકર બસ જોતજોતામાં ધૂ-ધૂ કરીને સળગી ઉઠી હતી. એક્સપ્રેસવેની ખાનગી સુરક્ષા ટીમ અને પોલીસે ઘટનાસ્થળે પહોંચીને આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. બસમાં આગ લાગવાના કારણે જેવર ટોલ અને ફલૈદા કટ પાસે અડધા કલાકથી વધુ સમય સુધી ટ્રાફિક રોકી દેવામાં આવ્યો હતો. આગ પર કાબૂ મેળવ્યા બાદ ટ્રાફિક ફરી શરૂ કરવામાં આવ્યો હતો. બસમાં આગ કયા કારણોસર લાગી તે હજુ સુધી સ્પષ્ટ થયું નથી. ચારથી પાંચ ફાયર બ્રિગેડની ગાડીઓએ ઘટનાસ્થળે પહોંચીને આગ પર કાબૂ મેળવ્યો હતો.

## નોઈડા બસ અગ્નિકાંડ: વડાપ્રધાન અને રાષ્ટ્રપતિએ શોક વ્યક્ત કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા) **નોઈડા, તા.૨૪**

ગ્રેટર નોઈડામાં યમુના એક્સપ્રેસવે પર બુધવારની મોડી રાત્રે એક ભયાનક દુર્ઘટના સર્જાઈ હતી. આ દુર્ઘટનામાં પર રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શોક વ્યક્ત કર્યો છે.

આ દુર્ઘટના પર રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ લખ્યું કે યમુના એક્સપ્રેસવે પર બસમાં આગ લાગવાથી થયેલા મૃત્યુના સમાચાર અત્યંત પીડાદાયક છે. તેમણે શોકસંતપ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને દાઝી ગયેલા મુસાફરો જલદી સ્વસ્થ થાય તેવી કામના કરી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ આ દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું કે જેમણે પ્રિયજનો ગુમાવ્યા છે તેમના પ્રત્યે સંવેદના છે અને ઈજાગ્રસ્તો જલદી સાજા થાય તેવી પ્રાર્થના છે. પીએમએનઆરએફમાંથી મૃતકોના પરિજનોને બે-બે લાખ અને ઘાયલોને પચાસ હજાર રૂપિયા આપવામાં આવશે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પણ સહાયની જાહેરાત કરી છે અને પીડિતોને પૂરતી મદદની અધિકારીઓને સૂચના આપી છે.

# કોકરોચ જનતા પાર્ટીનું અલ્ટીમેટમ: CEC જ્ઞાનેશ કુમારનું ૪૮ કલાકમાં રાજીનામુ નહી થાય તો દેશભરમાં કરશું આંદોલન

## અભિજીત દિપકેએ જણાવ્યું હતું કે, કુલ ૧૩ કરોડથી વધુ મત હટાવવામાં આવ્યા હતા : આ કોઈ નાની સંખ્યા નથી




(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૪**

કોકરોચ જનતા પાર્ટી (CJP) ના સ્થાપક અભિજીત દિપકેએ ૪૮ કલાકની અંદર મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરી છે. દિપકેએ ચૂંટણી પંચને અલ્ટીમેટમ આપતા કહ્યું છે કે જો મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર ૪૮ કલાકની અંદર રાજીનામું નહીં આપે તો દિલ્હી સહિત દેશવ્યાપી વિરોધ શરૂ કરવામાં આવશે. તેમણે કહ્યું, "જ્યાં સુધી રાજીનામું સ્વીકારવામાં નહીં આવે ત્યાં સુધી ઉભા નથી થઈએ."

કોકરોચ જનતા પાર્ટીએ એક પ્રેસ કોન્ફરન્સ યોજીને કહ્યું, "ચૂંટણી પંચ અંગે ગઈકાલે બહાર પાડવામાં આવેલા અહેવાલથી સાબિત થાય છે કે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર દેશના સૌથી મોટા દેશદ્રોહી છે. તેઓ દેશના સૌથી મોટા રાષ્ટ્રવિરોધી છે અને તેમણે તાત્કાલિક રાજીનામું આપવું જોઈએ. તેઓ ભારતીય લોકશાહી માટે સૌથી મોટો ખતરો છે." અભિજીત દિપકેએ જણાવ્યું હતું કે, કુલ ૧૩ કરોડથી વધુ મત હટાવવામાં આવ્યા હતા. આ કોઈ નાની સંખ્યા નથી. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં વિપક્ષ અને શાસક પક્ષ (NDA) વચ્ચેનો તફાવત ફક્ત ૨% હતો. ૧૩ કરોડ મતો કાઢી નાખવા એ કુલ મતોના આશરે ૧૩%થી ૧૪% મતો કાઢી નાખવા બરાબર છે. શું જ્ઞાનેશ કુમાર જાણી જોઈને આ ૨ % ના અંતરને વધારવા માટે કરી રહ્યા છે જેથી તેઓ ક્યારેય સત્તા ગુમાવે નહીં? આવું શા માટે કરવામાં આવી રહ્યું છે? આટલા બધા મતો કાઢી નાખવાની જરૂર કેમ પડી?..."

અભિજીત દીપકેએ સરકાર પર નિશાન સાધ્યું તેમણે કહ્યું કે ભાજપ ૨૦૨૪ની ચૂંટણીમાં બહુમતી મેળવવામાં નિષ્ફળ ગયું. જ્યારે તેઓ બહુમતીથી પાછળ રહી ગયા ત્યારે ગભરાટ ફેલાઈ ગયો. ત્યારે તેમને સમજાયું કે દેશનો મૂડ બદલાઈ રહ્યો છે અને પ્રાદેશિક દળો મજબૂત રીતે ઉભરી રહ્યા છે પછી ભલે તે મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરે હોય, એનસીપી હોય, સ્ટાલિન હોય, પિનરાઈ વિજયન હોય, અરવિંદ કેજરીવાલ હોય કે મમતા બેનર્જી હોય. આ મુખ્યમંત્રીઓને એક પછી એક નિશાન બનાવવામાં આવ્યા અને હરાવવામાં આવ્યા.

## ચૂંટણી પંચ સામે વિપક્ષ આક્રમક: ૮ ઈમેઇલ કર્યા હોવા છતાં ૯૭ નાગરિકોના મત કેમ છીનવાયા?

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૪**

ગોવામાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયા દરમિયાન અંતિમ મતદાર યાદીમાંથી ૯૭ જેટલા મતદારોના નામ ગાયબ હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. ખાસ વાત એ છે કે સ્થાનિક ઈલેક્ટોરલ રજિસ્ટ્રેશન ઑફિસર્સ (EROs) દ્વારા ચકાસણી કરીને આ તમામ મતદારોને યોગ્ય અને લાયક જાહેર કરવામાં આવ્યા હતા, તેમ છતાં આખરી યાદીમાં તેમના નામનો સમાવેશ થયો ન હતો. આ ગરબડ પાછળ ECINet સિસ્ટમનું સેન્ટ્રલાઇઝ્ડ હોવાનું મુખ્ય કારણ હોવાનું સામે આવ્યું છે, જેના પર અગાઉ ચૂંટણી કમિશનરો સુખબીર સિંહ સંધુ અને વિવેક જોષીએ પણ વાંધો ઉઠાવ્યો હતો.

આ મામલાની વિગતવાર વાત કરીએ તો, ૧૭ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ ગોવામાં SIR અંતર્ગત આખરી યાદી બહાર આવવાની હતી, તેના ચાર દિવસ પહેલાં રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી (CEO) સંજય ગોયલે દિલ્હી સ્થિત ચૂંટણી પંચને ઈમેઈલ લખ્યો હતો. આ અગાઉ તેઓ આવા સાત ઈમેઈલ મોકલી ચૂક્યા હતા. આ ઈમેઈલ સાથે ૯૭ પાત્ર મતદારોની યાદી પણ જોડવામાં આવી હતી, જેમને સુપ્રીમ કોર્ટની પ્રક્રિયા મુજબ યોગ્ય ઠેરવવામાં આવ્યા હતા. CEO એ સ્પષ્ટ કર્યું હતું કે આ મતદારોના નામ રદ કરવાના નિર્ણયને બદલવો જરૂરી છે, જે દિલ્હી સ્થિત ECINet પોર્ટલ દ્વારા જ થઈ શકે તેમ હતું. બીજા દિવસે કમિશનના ડેપ્યુટી ઈલેક્શન કમિશનરે આઈટી વિભાગના ડિરેક્ટર જનરલ સીમા ખન્નાને ઈમેઈલ લખીને જરૂરી કાર્યવાહી કરવા નિર્દેશ પણ આપ્યો હતો.

જો કે ૨૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ જ્યારે આખરી યાદી તપાસવામાં આવી ત્યારે તેમાં આ મતદારોના નામ નહોતા. CEO સંજય ગોયલે જણાવ્યું કે નામ હટાવવાનો નિર્ણય બાદમાં બદલવામાં આવ્યો હોવા છતાં સિસ્ટમમાં તેને પલટવાની (રોલબેક કરવાની) કોઈ સુવિધા ઉપલબ્ધ ન હોવાને કારણે આ સમસ્યા સર્જાઈ હતી.

કોંગ્રેસ નેતા જયરામ રમેશે દાવો કર્યો છે કે ચૂંટણી પ્રક્રિયા સાથે ગંભીર છેડછાડ કરવામાં આવી છે અને પક્ષે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની ફરી માગ કરી છે. કોંગ્રેસ દ્વારા સોશિયલ મીડિયા પર આક્ષેપ કરાયો છે કે વડાપ્રધાનના ઈશારે આખી સિસ્ટમ પર કાબૂ મેળવીને કથિત રીતે વોટ ચોરી જેવા કૃત્યો થઈ રહ્યા છે. આ ઉપરાંત, વરિષ્ઠ નેતા શશિ થરૂરે પણ આ ઘટનાને અત્યંત ગંભીર ગણાવતા જણાવ્યું હતું કે આ નાગરિકોના બંધારણીય અધિકારો છીનવી લેવા સમાન છે અને કમિશને આ માટે દેશની માફી માંગવી જોઈએ.

વર્તમાન પ્રવાહ
CORPORATE NEWS

## ક્લેરોઇડ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડે સેબી સમક્ષ ડીઆરએચપી ફાઈલ કર્યું

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**સુરત, તા.૨૪:** ક્લેરોઈડ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડે (સીપીએલ) સેબી સમક્ષ તેનું ડીઆરએચપી ફાઇલ કર્યું છે. સીપીએલ ગુજરાત સ્થિત ફાર્માસ્યુટિકલ ફોર્મ્યુલેશન્સના ઉત્પાદન અને નિકાસ ક્ષેત્રે કાર્યરત કંપની છે અને તેનું મુખ્ય મથક અમદાવાદમાં છે. કંપની ટેબ્લેટ્સ, હાર્ડ જેલેટિન કેપ્સ્યુલ્સ અને ઓઇન્ટમેન્ટ્સ સહિતની જેનરિક ફાર્માસ્યુટિકલ પ્રોડક્ટ્સના ડેવલપમેન્ટ અને ઉત્પાદન સાથે સંકળાયેલી છે. કંપનીનું મુખ્ય ધ્યાન સેમી-રેગ્યુલેટેડ આંતરરાષ્ટ્રીય બજારોમાં, ખાસ કરીને આફ્રિકામાં, નિકાસ પર છે.

સીપીએલ આઈપીઓ મારફતે ભંડોળ ઊભું કરવાની દરખાસ્ત ધરાવે છે. આ આઈપીઓમાં રૂ.૧૦ની ફેસ વેલ્યૂ ધરાવતા ઈક્વિટી શેરના ફ્રેશ ઈશ્યૂ દ્વારા વધુમાં વધુ ૭૪,૫૦,૦૦૦ ઈક્વિટી શેર અને ઓફર ફોર સેલ દ્વારા વધુમાં વધુ ૫૧,૫૦,૦૦૦ ઈક્વિટી શેરનો સમાવેશ થાય છે. આમ, કુલ ઓફર વધુમાં વધુ ૧,૨૬,૦૦,૦૦૦ ઈક્વિટી શેરની રહેશે.

ફ્રેશ ઈશ્યૂમાંથી મળનારી ચોખ્ખી રકમનો ઉપયોગ કંપનીની હાલની જમીન પર ઈન્જેક્ટેબલ, એમ્પ્યુલ, વાયલ, ડ્રાય પાઉડર, પ્રી-ફિલ્ડ સિરીંજ અને આઇ ડ્રોપ પ્રોડક્ટ્સ માટે નવી મેન્યુફેક્ચરિંગ સુવિધા સ્થાપવા માટે જરૂરી મૂડી ખર્ચ માટે કરવામાં આવનાર છે.

સીપીએલ અમદાવાદના પીરાણા ખાતે આશરે ૧૨,૩૩૨ ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલી ફાર્માસ્યુટિકલ મેન્યુફેક્ચરિંગ, આ સુવિધામાં ટેબ્લેટ્સ, કેપ્સ્યુલ્સ અને ઓઇન્ટમેન્ટ્સનું ઉત્પાદન થાય છે. તેની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા ૧૪,૪૦૦ લાખ ટેબ્લેટ્સ, ૯,૩૬૦ લાખ કેપ્સ્યુલ્સ અને ૧૨૦ લાખ ઓઇન્ટમેન્ટ ટ્યુબ્સની છે. ડીઆરએચપીની તારીખ સુધીમાં કંપનીએ વિવિધ રોગોની સારવાર સાથે સંકળાયેલા ક્ષેત્રોમાં કુલ ૧૨૯ ફાર્માસ્યુટિકલ ફોર્મ્યુલેશન્સમાં ૬૬ ટેબ્લેટ્સ, ૨૭ કેપ્સ્યુલ્સ અને ૩૬ ઓઇન્ટમેન્ટ્સનો સમાવેશ થાય છે. આફ્રિકામાં ૩૦થી વધુ ડિસ્ટ્રિબ્યુટર્સના નેટવર્કનો સહયોગ મળે છે. તેમાં એન્ટી-ઇન્ફેક્ટિવ, એન્ટી-ઈન્ફલેમેટરી, એન્ટી-ફંગલ, ડર્મેટોલોજી, પેઇન મેનેજમેન્ટ અને ગેસ્ટ્રોઇન્ટેસ્ટાઇનલ થેરાપીનો સમાવેશ થાય છે.

કંપનીની કામગીરીમાંથી થતી આવક નાણાંકીય વર્ષ ૨૦૨૪માં રૂ. ૬,૨૯૯.૮૪ લાખ (રૂ. ૬૨.૯૮ કરોડ) હતી જે ૬૪.૧૩ ટકાના સીએજીઆર સાથે નાણાંકીય વર્ષ ૨૦૨૬માં રૂ. ૧૬,૯૭૧.૫૩ લાખ (રૂ. ૧૬૯.૭૧ કરોડ) થઈ હતી. વનવ્યૂ કોર્પોરેટ એડવાઇઝર્સ પ્રાઇવેટ લિમિટેડ અને વાલ્મિકી લીલા કેપિટલ પ્રાઇવેટ લિમિટેડ આ ઓફરના બુક રનિંગ લીડ મેનેજર્સ છે.

# જમુઈ દુષ્કર્મ અને છેડતી કેસ: મુખ્ય આરોપી નંદન યાદવના પિતા વર્ષ ૨૦૦૩ના ડબલ મર્ડર કેસમાં ઝડપાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**પટણા, તા.૨૪**

બિહારના જમુઈ જિલ્લામાં નાબાલિગ છાત્રા સાથે કથિત બદસલૂકી અને અભદ્ર વર્તનના મામલામાં મુખ્ય આરોપી નંદન યાદવની ધરપકડ બાદ પોલીસની તપાસ તેના પરિવારના જૂના અપરાધિક ઈતિહાસ સુધી પહોંચી છે. પોલીસ દ્વારા કરવામાં આવેલી આ કડક કાર્યવાહી દરમિયાન મુખ્ય આરોપી નંદન યાદવના પિતા ગનોરી યાદવની વર્ષ ૨૦૦૩ના ચર્ચિત ડબલ મર્ડર કેસમાં ધરપકડ કરવામાં આવી છે. પોલીસે સ્પષ્ટ કર્યું છે કે ગનોરી યાદવની આ ધરપકડ હાલના છેડતી કેસના સંબંધમાં નહીં, પરંતુ વર્ષોથી લટકેલા જૂના હત્યા કેસમાં પેન્ડિંગ વૉરંટના આધારે કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, એપ્રિલ ૨૦૦૩માં જમુઈના પ્રતાપપુર ગામમાં બે ભાઈઓની હત્યા કરવામાં આવી હતી, જે મામલે નોંધાયેલી એફઆઈઆરમાં ગનોરી યાદવ સહિત કુલ ૧૧ લોકોને આરોપી બનાવવામાં આવ્યા હતા. પોલીસ તપાસમાં એવું સામે આવ્યું છે કે મામલામાં ચાર્જશીટ દાખલ થયા પછી પણ ગનોરી યાદવ લાંબા સમયથી કાયદાની પકડથી દૂર અને ફરાર રહ્યો હતો. જમુઈના એસપી વિશ્વજીત દયાલે જણાવ્યું કે નંદન યાદવના કેસની પૂછપરછ અને તપાસ દરમિયાન પોલીસને તેના પિતાના જૂના અપરાધિક રેકોર્ડ અને પેન્ડિંગ કેસ વિશે માહિતી મળી હતી. જેના આધારે તાત્કાલિક કાર્યવાહી કરીને તેની ધરપકડ કરવામાં આવી છે.

પોલીસ હવે એ બાબતની પણ ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે કે ગનોરી યાદવ વિરુદ્ધ અદાલતમાંથી ધરપકડ વોરંટ જારી થયું હતું કે નહીં અને જો વોરંટ જારી થયું હતું તો આટલા લાંબા સમય સુધી તેની ધરપકડ કેમ થઈ શકી નહોતી. ઉલ્લેખનીય છે કે નાબાલિગ છાત્રા અને એક વિદ્યાર્થીને રોકીને અભદ્ર વર્તન કરવાનો વિડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ પોલીસે સક્રિયતા દાખવી હતી અને મુખ્ય આરોપી નંદન યાદવને પોલીસ એક્રાઉન્ટર કરીને ઝડપી પાડ્યો હતો. નંદનની ધરપકડ બાદ તેના પરિવારના કાળા કારનામા પણ બહાર આવ્યા છે, અને પોલીસે ગનોરી યાદવને કોર્ટમાં રજૂ કરી આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.

# અર્નબ વાવાઝોડું ત્રાટક્યું; આંધ્ર-ઓડિશામાં પુલ તણાયા: ૫૦૦૦ લોકોનું સ્થળાંતર, ૧૦ રાજ્યોમાં એલર્ટ



## બંગાળની ખાડીમાં રચાયેલ ડીપ ડિપ્રેશન આંધ્રપ્રદેશ અને ઓડિશાના દરિયાકાંઠાના વિસ્તારોમાં પ્રવેશ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૪**

બંગાળની ખાડીમાં સર્જાયેલું ભારેદબાણ (ડીપ ડિપ્રેશન) આખરે ઉત્તર આંધ્રપ્રદેશ અને દક્ષિણ ઓડિશાના દરિયાકાંઠાના વિસ્તારો સાથે અથડાયું છે. ભારતીય હવામાન વિભાગ (IMD) ના જણાવ્યા અનુસાર, આ સિસ્ટમ લગભગ ૫ કિમી પ્રતિ કલાકની ઝડપે ઉત્તર-પશ્ચિમ દિશામાં આગળ વધી રહી છે અને કલિંગપટ્ટનમ નજીક કિનારો ઓળંગી રહી છે. લેન્ડફોલની આ પ્રક્રિયા આગામી બે કલાક સુધી ચાલુ રહેવાની ધારણા છે. હવામાન વિભાગે ચેતવણી આપી છે કે કિનારા સાથે અથડાયા પછી પણ આ સિસ્ટમ આગામી ૧૨ કલાક સુધી તેની પૂરી તાકાત જાળવી રાખશે. આ પછી, તે ઉત્તર-ઉત્તર-પશ્ચિમ તરફ આગળ વધશે અને ધીમે ધીમે નબળી પડશે.

જો આ સિસ્ટમ જમીન સાથે અથડાતા પહેલા વધુ મજબૂત બનીને ચક્રવાતી વાવાઝોડાનું રૂપ લઈ લેત, તો તેને અર્ણબ નામ આપવામાં આવ્યું હોત. આ ગંભીર હવામાન સંકટને ધ્યાનમાં રાખીને ઓડિશા અને આંધ્રપ્રદેશના સંવેદનશીલ જિલ્લાઓમાં હાઈ રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. કોરાપુટ, મલકાનગિરી, કાલહંડી અને નવરંગપુરમાં અત્યંત ભારે વરસાદ, શક્તિશાળી પવનો અને અચાનક પૂર (ફ્લેશ ફ્લડ)ના ખતરાને જોતાં રાહત અને બચાવ ટીમો એલર્ટ મોડ પર છે. આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ વરિષ્ઠ અધિકારીઓ સાથે કટોકટી સમીક્ષા બેઠક યોજીને નીચાણવાળા વિસ્તારોમાંથી હજારો લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવા અને શાળાઓને તાત્કાલિક બંધ કરવાનો આદેશ આપ્યો છે.

હવામાન વિભાગે દરિયાકાંઠાના વિસ્તારોમાં રહેતા લોકોને સતર્ક રહેવાની ચેતવણી આપી છે. આ ડીપ ડિપ્રેશન વિશાખાપટ્ટનમ અને ગોપાલપુર વચ્ચે આવેલા કલિંગપટ્ટનમના દક્ષિણ-પશ્ચિમ કિનારાને ઓળંગી રહ્યું છે. જમીની વિસ્તારમાં પ્રવેશ્યા પછી પણ આગામી ૧૨ કલાક સુધી આ સિસ્ટમની તીવ્રતા ભયાનક દબાણના રૂપમાં જળવાઈ રહેશે.

ઓડિશા અને આંધ્રપ્રદેશ – બંને રાજ્ય સરકારોએ પૂર અને જળભરાવની સ્થિતિને પહોંચી વળવા માટે પૂરી તાકાત લગાવી દીધી છે. સંવેદનશીલ વિસ્તારોમાંથી ગ્રામજનોને રાહત શિબિરોમાં મોકલવામાં આવ્યા છે અને શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી છે. આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ જિલ્લા કલેક્ટરોને ફિલ્ડમાં હાજર રહેવા અને અચાનક આવતા પૂરથી લોકોને બચાવવાનો આદેશ આપ્યો છે. ઓડિશા સૌથી વધુ અસરગ્રસ્ત રાજ્યોમાંથી એક બનવાની શક્યતા છે, કારણ કે ત્યાંના ઘણા જિલ્લાઓમાં ભારેથી અત્યંત ભારે વરસાદની આગાહી છે.

ઓડિશાના દક્ષિણના જિલ્લાઓમાં વરસાદને લઈને વિશેષ સાવચેતી રાખવામાં આવી રહી છે. અગાઉ જાહેર કરાયેલી આગાહીઓમાં કોરાપુટ, ગજપતિ અને ગંજમમાં ભારેથી અતિભારે અને કેટલાક સ્થળોએ અત્યંત ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી હતી. આ સિવાય કાલાહંડી, નબ રંગપુર, કોરાપુટ અને મલકાનગિરીમાં પણ ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી હતી. IMDના એલર્ટ બાદ રાજ્ય વહીવટીતંત્રે ઘણા જિલ્લાના કલેક્ટરોને હાઈ એલર્ટ પર રાખ્યા છે. સંભવિત જળભરાવ, પૂર, ભૂસ્ખલન અને માટી ધસી પડવા જેવી ઘટનાઓને ધ્યાનમાં રાખીને રાહત અને બચાવ કામગીરીની તૈયારીઓ વધારી દેવામાં આવી છે.

**રેડ ઍલર્ટ:** ઓડિશા, આંધ્ર પ્રદેશ, છત્તીસગઢ અને તેલંગાણામાં ભારે વરસાદ કે ખરાબ હવામાનની સંભાવનાને કારણે રેડ ઍલર્ટ આપવામાં આવ્યું છે

**ઓરેંજ ઍલર્ટ:** બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ અને મહારાષ્ટ્રમાં મધ્યમથી ભારે વરસાદનું જોખમ હોવાથી ઓરેંજ ઍલર્ટ જાહેર કરાયું છે.

**યલો ઍલર્ટ:** ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, આસામ, મેઘાલય અને કર્ણાટકમાં હળવાથી મધ્યમ વરસાદ અથવા સાવચેતીના ભાગરૂપે યલો ઍલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

## વડનગરથી કાશી જતાં યાત્રીઓ સાથે મોદીની વાતચીત

# ગમે તેટલી સત્તા મળે, અમે સેવાના માર્ગે જ રહીશું : વડાપ્રધાન મોદી





(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૪:** પીએમ મોદીએ સેવા સંકલ્પ અભિયાનના સેવા યાત્રીઓ સાથે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા વિશેષ વાતચીત કરી છે. આજે આપેલા પોતાના સંબોધનમાં તેમણે જણાવ્યું હતું કે, આપણું મુખ્ય કાર્ય માત્ર સેવા કરવાનું જ હોવું જોઈએ અને સેવા કરતાં-કરતાં જ સેવાભાવી સંદેશ આપવાનો છે, કોઈ ઉપદેશ આપવાનો નથી. આ દરમિયાન પીએમ મોદીએ ગુજરાત સહિત અન્ય રાજ્યોના સેવા યાત્રીઓ સાથે પણ ચર્ચા કરી હતી અને ખાસ સંદેશ આપ્યો હતો કે, આપણે ગમે તેટલા ઊંચા શિખર પર પહોંચી જઈએ, પરંતુ સેવાભાવથી ક્યારેય પીછેહઠ કરીશું નહીં. સેવા યાત્રીઓ સાથેની વાતચીતમાં પીએમએ જણાવ્યું હતું કે, આપણા દેશમાં પરંપરા છે કે જ્યારે કોઈ યાત્રા કરીને પરત આવે અને આપણે તેમને પ્રણામ કરીએ છીએ, ત્યારે યાત્રાનું જે પુણ્ય હોય છે તેનું અડધું પુણ્ય તે વ્યક્તિને મળે છે જે પ્રવાસીઓને પ્રણામ કરે છે. આથી મને પણ તમામ સેવા યાત્રીઓને પ્રણામ કરીને તેમનું અડધું પુણ્ય ચોરી લીધાની ભાવના આવી રહી છે. સ્વયંસેવકોને મારી એક જ અપીલ છે કે તમે તમારું પણ ધ્યાન રાખો અને સેવાના માર્ગથી ક્યારેય ન ભટકો. આપણું આચરણ એવું હોવું જોઈએ કે ગમે તેટલી મોટી રાજકીય કે સામાજિક શક્તિ મળી જાય, પરંતુ આપણો મુખ્ય માર્ગ હંમેશાં સેવા પરમો ધર્મઃ(સેવા જ સૌથી મોટો ધર્મ છે)ના સિદ્ધાંત પર જ અડગ રહેવો જોઈએ. કાર્યક્રમ દરમિયાન વૃક્ષારોપણનો વિશેષ ઉલ્લેખ કરતાં પ્રધાનમંત્રીએ એક સરળ અને અસરકારક ઉપાય શેર કર્યો હતો. તેમણે જણાવ્યું કે, જ્યારે પણ કોઈ છોડ અથવા વૃક્ષ વાવીએ, ત્યારે તેની પાસે પાણીથી ભરેલો એક માટીનો ઘડો મૂકી દેવો જોઈએ જેનું મોં ઉપરની તરફ હોય. મહિનામાં માત્ર એક જ વાર તે ઘડામાં પાણી ભરી દેવાથી છોડનો સારો એવો વિકાસ થાય છે. આ પદ્ધતિથી પાણીની પણ ભારે બચત થાય છે અને વધુમાં વધુ વૃક્ષો ઉગાડવામાં મોટી મદદ મળે છે.

# ભારતીયોને યુદ્ધમાં મહોરા ન બનાવો; ઝેલેન્સ્કીની પુતિન સામે લાલ આંખ, ૪૭ દેશોને આપી ચેતવણી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**કિવ, તા.૨૪**

યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ દુનિયાને મોટું એલર્ટ આપતા દાવો કર્યો છે કે રશિયા, યુક્રેન સામે ચાલી રહેલા યુદ્ધમાં ભારત સહિત ૪૭ અલગ-અલગ દેશોના નાગરિકોનો ઉપયોગ મોહરા તરીકે કરી રહ્યું છે. તેમણે સીધી રીતે આ દેશોની સરકારોને અપીલ કરી છે કે તેઓ પોતાના નાગરિકોની સુરક્ષા કરે અને તેમને આ ખતરનાક સંઘર્ષનો હિસ્સો બનતા અટકાવે. યુક્રેની પ્રમુખે જણાવ્યું કે, રશિયા જે દેશોના નાગરિકોનો યુદ્ધમાં ઉપયોગ કરી રહ્યું છે, તેમાં ભારત, ઘાના, નેપાળ, તાજિકિસ્તાન, યમન, કેન્યા, ઝિમ્બાબ્વે, ક્યૂબા, બેલારૂસ, સુદાન અને દક્ષિણ આફ્રિકા જેવા અનેક દેશો સામેલ છે. આ દેશોને સંબોધિત કરતા ઝેલેન્સ્કીએ કહ્યું કે, તેઓ સારી રીતે જાણે છે કે રશિયા તેમના લોકો સાથે શું કરી રહ્યું છે. તે તમારા પોતાના નાગરિકો છે, તેમની સંભાળ રાખો અને તેમને કોઈ બીજા મોરચે જાન ગુમાવવા માટે ન છોડો. રશિયાને પોતાની નિષ્ફળતા છુપાવવા અને પોતાના પાગલપનની કિંમત તમારા દેશના લોકોના ભોગે ચૂકવવાની મંજૂરી ન આપવી જોઈએ. રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન પર નિશાન સાધતા ઝેલેન્સ્કીએ તેમને આ જંગના પેશન્ટ ઝીરો કરાર આપ્યા છે. તેમણે આરોપ લગાવ્યો કે પુતિન જ તે વ્યક્તિ છે જેમણે આ યુદ્ધની શરૂઆત કરી અને તેને દુનિયાભરમાં ફેલાવ્યું, જેના કારણે આજે આ દ્વિતીય વિશ્વયુદ્ધ પછી યુરોપનું સૌથી મોટું સંઘર્ષ કેન્દ્ર બની ચૂક્યું છે.

# અફઘાનિસ્તાનમાં પાકિસ્તાનની ૧૦ અલગ સ્થળો પર એરસ્ટ્રાઈક

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ઈસ્લામાબાદ, તા.૨૪**

પાકિસ્તાન દ્વારા અફઘાનિસ્તાનમાં આવેલા ૧૦ અલગ-અલગ સ્થળો પર હવાઈ અને ડ્રોન હુમલા કરવામાં આવ્યા હોવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. પાકિસ્તાનના માહિતી મંત્રી અત્તાઉલ્લાહ તરારે જણાવ્યું હતું કે આ સ્થળોનો ઉપયોગ ડ્રોન સ્ટોર કરવા અને તેના દ્વારા હુમલા કરવા માટે કરવામાં આવતો હતો. જેમાંથી કેટલાક ડ્રોનનો ઉપયોગ એક દિવસ અગાઉ પાકિસ્તાન વિરુદ્ધ કરવામાં આવ્યો હતો. પાકિસ્તાની વાયુસેના દ્વારા આ હુમલાઓ મર્યાદિત લશ્કરી ઉદ્દેશ્યોને ધ્યાનમાં રાખીને ચોકસાઈપૂર્વક પાર પાડવામાં આવ્યા છે અને અફઘાનિસ્તાન તરફથી જો કોઈ વધુ ઉશ્કેરણીજનક પગલું ભરાશે તો તેનો મક્કમ જવાબ આપવામાં આવશે તેમ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે. પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે ઈસ્લામિક આતંકવાદીઓના હુમલા અને સરહદ પારની ગતિવિધિઓને લઈને લાંબા સમયથી તણાવ ચાલી રહ્યો છે, જેના કારણે બંને દેશો વચ્ચે અગાઉ ફેબ્રુઆરી મહિનામાં પણ ભારે સંઘર્ષ જોવા મળ્યો હતો. ઈસ્લામાબાદ દ્વારા વારંવાર એવા આક્ષેપો કરવામાં આવે છે કે કાબુલ સરકાર પાકિસ્તાન વિરોધી આતંકવાદીઓને આશ્રય આપી રહી છે, જ્યારે અફઘાનિસ્તાનની તાલિબાન સરકારે આ તમામ આરોપોને નકારી કાઢ્યા છે અને સ્પષ્ટ કર્યું છે કે આંતરિક સુરક્ષા એ પાકિસ્તાનની પોતાની સમસ્યા છે.






## ફ્રીમાં કામ કરનાર ડિરેક્ટર હવે બનશે કરોડપતિ

# ૧૪ વર્ષનો સંઘર્ષ રંગ લાવ્યો! ૧.૫ કરોડની 'હનુમાન અંશ' સુપરહિટ

## 'હનુમાન અંશ' ફિલ્મ 'ધુરંધર ૨' અને 'બોર્ડર ૨' પછી વર્ષની ત્રીજી સૌથી મોટી હિટ બનીને ઊભરી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૨૪:** ફિલ્મ 'હનુમાન અંશ' ૨૦૨૬ની સૌથી મોટી સરપ્રાઇઝ હિટ ફિલ્મોમાંથી એક છે. આ ફિલ્મ, જે હવે સિનેમાઘરોમાં સાત અઠવાડિયા પૂરા કરી ચૂકી છે, સતત દર્શકોને પોતાની તરફ ખેંચી રહી છે. આશા છે કે તે હજુ પણ કેટલાક અઠવાડિયા સુધી મોટા પડદા પર ટકી રહેશે. આ ફિલ્મ 'ધુરંધર ૨' અને 'બોર્ડર ૨' પછી વર્ષની ત્રીજી સૌથી મોટી હિટ બનીને ઊભરી છે. ફિલ્મનું ઓછું બજેટ તેની સફળતા વિશે સૌથી વધુ ચર્ચાનો વિષય રહ્યું છે. નિર્માતા અનુપ્રિયા નાગરે તાજેતરમાં જણાવ્યું કે 'હનુમાન અંશ'ને ૧.૫ કરોડ રૂપિયાથી થોડા વધુના બજેટમાં બનાવવામાં આવી હતી, જેમાં ૫૦ લાખ રૂપિયા તેમણે પોતાના ખિસ્સામાંથી લગાવ્યા હતા. તેમણે એ પણ જણાવ્યું કે ડિરેક્ટર વિશાલ ચતુર્વેદીએ ફિલ્મ બનાવવા માટે કોઈ ફી લીધી ન હતી. તેના બદલે, નફાને ત્રણેય નિર્માતા અને ડિરેક્ટર વચ્ચે સરખા ભાગે વહેંચવામાં આવશે. અનુપ્રિયાએ સિદ્ધાર્થ કન્નનને જણાવ્યું, 'મેં આખા બજેટનો એક-તૃતીયાંશ ભાગ લગાવ્યો હતો. મેં ફિલ્મમાં ૫૦ લાખ રૂપિયા લગાવ્યા અને બજેટ ૧.૫ કરોડ રૂપિયાથી થોડું વધારે હતું.' જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે તેમને નફામાંથી કેટલો હિસ્સો મળશે, ત્યારે અનુપ્રિયાએ જણાવ્યું, 'મને નફાનો ચોથો ભાગ મળશે. સૌથી પહેલા ડિસ્ટ્રિબ્યુટર્સ પોતાનો હિસ્સો લેશે. પછી આપણે અન્ય ખર્ચાઓ અને ટેક્સ ચૂકવીશું. ત્યારબાદ જે પણ બચશે, તેને આપણા ચારેય વચ્ચે વહેંચી લેવામાં આવશે.' ફિલ્મના સિનેમાઘરોમાં અપેક્ષા કરતાં ખૂબ સારા પ્રદર્શનને જોતાં, અનુપ્રિયાનો અંદાજ છે, 'અત્યાર સુધી તો એવું લાગી રહ્યું છે કે હું ૫૦ કરોડ રૂપિયા કમાઈશ. પરંતુ આ બધું અત્યારે માત્ર અંદાજ છે. અમે હજુ OTT, મ્યુઝિક અને સેટેલાઇટ માટે કોઈ ડીલ કરી નથી.' જો અનુપ્રિયાની વાત માનીએ તો ડિરેક્ટર વિશાલ ચતુર્વેદીને પણ ૫૦ કરોડ રૂપિયાથી વધુ રકમ મળવાની આશા છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે તેઓ આ પૈસાનું શું કરશે, ત્યારે તેમણે કહ્યું, 'મને તો એ પણ નથી ખબર કે આટલા બધા પૈસા કેવી રીતે સંભાળવા, તેથી મને લાગે છે કે આનો સૌથી સારો રસ્તો એ છે કે તેને સમાજને પાછા આપવામાં આવે.' અનુપ્રિયાએ આ પ્રોજેક્ટ સાથે વિશાલ ચતુર્વેદીની લાંબી સફર વિશે પણ વાત કરી. તેમના જણાવ્યા મુજબ, ફિલ્મમેકર લગભગ ૧૪ વર્ષથી આ વાર્તાને દર્શકો સુધી પહોંચાડવાનો પ્રયાસ કરી રહ્યા હતા. તેઓ પહેલાં ઘણા OTT પ્લેટફોર્મ્સનો સંપર્ક કરી ચૂક્યા હતા. તેમણે કહ્યું, 'તેમણે ઘણા OTT પ્લેટફોર્મ્સને આ વાર્તા સંભળાવી હતી. રાગિણી સોના અને નમ્રતા સિંહ (કો-પ્રોડ્યુસર) જ હતાં જેમણે ફિલ્મ પર ભરોસો મૂક્યો અને કહ્યું કે ચાલો આને બનાવીએ.'





# માનુષી છીલ્લરે પાપારાઝીઓ પાસે બેકશોટ ડિલિટ કરાવ્યા



(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૪**

મંગળવારે સાંજે એરપોર્ટ પરથી રવાના થઇ રહેલી માનુષી છીલ્લરે પાપારાઝીઓ સાથે કેમ કામ પાર પાડવું તેનો દાખલો બેસાડયો હતો. તેની આ ક્લિપ વાઇરલ થઇ હતી. પાપારાઝીઓ ફિલ્મ હિરોઇન્સના બેકશોટ લઇ તેનો ક્લિક બેઇટ તરીકે ઉપયોગ કરતાં હોઇ બોલીવૂડની ઘણી હિરોઇન્સ પાપારાઝીઓને જોતાં જ રોષની મારી લાલઘુમ થઇ જાય છે. મંગળવારે માનુષી એરપોર્ટ પર પહોંચી ત્યારે કેટલાક પાપારાઝીઓએ તેના બેકશોટ લેવા માંડતા માનુષીએ તેમને એ શોટ ડિલિટ કરવાની વિનંતી કરી હતી. તેણે કોઇ બેકશોટ મુકવાની ના પાડી હતી. એ પછી માનુષીએ જાણે કશું બન્યું ન હોય તેમ શાંતિથી કેમેરા સામે હાથ હલાવતી ટર્મિનલ તરફ જતી રહી હતી. તાજેતરમાં સલમાનખાને તેના શો બીગબોસ ૨૦માં પણ આ મુદ્દે ચર્ચા કરી પાપારાઝીઓના આ પ્રકારના વર્તન સામે વિરોધ વ્યક્ત કર્યો હતો. માનુષી છેલ્લે 'તેહરાન' નામના સ્પાય થ્રીલરમાં જહોન અબ્રાહમ સાથે દેખાઇ હતી. તાજેતરમાં પાપારાઝીઓ સાથે ઝઘડવા માટે વિખ્યાત જયા બચ્ચન પરથી પ્રેરણા લઇ તાપસી પન્નુને જયા બચ્ચન લાઇટ તરીકે ઓળખાવવામાં આવી હતી. પણ તાપસીએ તેને શુભેચ્છા ગણાવી વાત વાળી લીધી હતી.

# અક્ષય-શ્રદ્ધાની બોક્સ ઓફિસ ટક્કર ટળી, ઈઠાને મોકળું મેદાન

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૪**

શ્રદ્ધા કપૂરની આગામી ફિલ્મ 'ઈઠા' હવે ચોથી ડિસેમ્બરે રિલિઝ થશે ત્યારે તેની સાથે કોઇ ફિલ્મની બોક્સઓફિસ પર ટક્કર નહીં થાય. 'છાવા' ફેમ લક્ષ્મણ ઉતેકર દ્વારા નિર્દેશિત ફિલ્મ 'ઈઠા'માં શ્રદ્ધા કપૂરે મહારાષ્ટ્રની વિખ્યાત તમાશા કલાકાર વિઠાબાઇ નારાયણગાંવકરની ભૂમિકા ભજવી છે. લાંબા સમયથી ફિલ્મ 'ઈઠા'ની રિલિઝ એક યા બીજા કારણસર ઠેલાઇ રહી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર અજય દેવગણની ફિલ્મ 'રેન્જર' જે ચોથી ડિસેમ્બરે રીલિઝ થવાની હતી તેને હવે ૨૦૨૭માં રીલિઝ કરવામાં આવશે. બીજી એક અક્ષય કુમાર વિદ્યા બાલન અને રાશિખન્નાની ફિલ્મ ચોથી ડિસેમ્બરે રિલિઝ થવાની હતી તેને પણ હવે નવેમ્બરમાં અથવા આવતાં વર્ષે ૨૦૨૭માં રિલિઝ કરવામાં આવશે. અગાઉ શ્રદ્ધા કપૂરની 'સ્ત્રી ટુ' અને અક્ષયકુમારની 'ખેલ ખેલ મેં 'બોક્સ ઓફિસ પર ટકરાઇ હતી. દર્શકોને ઈન્તેઝાર હતો કે શ્રદ્ધા અને અક્ષય કુમાર ફરી એકવાર ચોથી ડિસેમ્બરે ટકરાશે કે કેમ. પણ હવે અનીશ બાઝમી નિર્દેશિત અક્ષય કુમારની ફિલ્મ વહેલી તૈયાર થાય તો નવેમ્બરમાં નહીં તો ૨૦૨૭માં રીલિઝ કરવામાં આવવાની હોઇ 'ઈઠા'ને ચોથી ડિસેમ્બરે સોલો રિલિઝ મળશે.

# પ્રિયંકા ચતુર્વેદી અને ખુશ્બૂ દોડી આવી કેટરિનાના સમર્થનમાં

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૪**

એક સમયની ચિકની ચમેલી કેટરિના કૈફ મમ્મી બન્યા પછી સ્વાભાવિક રીતે પહેલાંના જેવું શરીર સૌષ્ઠવ જાળવી શકી નથી. એ ઘણી જાડી થઇ ગઇ છે. એ અત્યાર સુધી પતલી કમરવાળી હતી ત્યાં સુધી એની નોંધ સુદ્ધાં નહીં લેનારા હવે એના ભદ્દા શરીર માટે ટીકા કરવા કૂદી પડેલા છે. નેત્રી પ્રિયંકા ચતુર્વેદી અને અભિનેત્રી કમ નેત્રી ખુશ્બૂ સુંદરે કેટરિના કૈફના વજન વધવાની ટીકા કરનારાઓને આડે હાથ લીધા છે. ખુશ્બુએ તો સોશિયલ મિડીયા પર એક લાંબી પોસ્ટ પણ લખીને સવાલ કર્યો છે કે પુરુષોને ટાલ પડી જાય છે ત્યારે કોઈ ટિપ્પણી કેમ નથી કરતું. તેણે એવું પણ કહ્યું છે કે "કેટરિના હંમેશા સુંદર રહી છે, છે અને હંમેશા સુંદર રહેશે."



બોલિવૂડ અભિનેત્રી કેટરિના કૈફના વજન વધવાથી સોશિયલ મીડિયામાં ખળભળાટ મચી ગયો છે. નવેમ્બર ૨૦૨૫ માં તેના પુત્ર વિઆનના જન્મ પછી, તેના દેખાવ અંગે ચર્ચા થઈ છે. તાજેતરમાં ગણેશ ઉત્સવમાં અભિનેત્રીને જોયા પછી, કેટલાક લોકો તેની ટીકા કરવા લાગતાં માતૃત્વ અને ઉંમર સાથે આવતા મહિલાઓના શરીરમાં થતા ફેરફારો વિશે એક નવી ચર્ચા શરૂ થઈ છે. હવે, રાજકારણી અને ભૂતપૂર્વ રાજ્યસભા સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ પણ આ બાબતે પોતાનો સ્પષ્ટ અભિપ્રાય આપ્યો છે. એટલું જ નહીં, પરંતુ પ્રખ્યાત દક્ષિણ ભારતીય અભિનેત્રી અને રાજકારણી ખુશ્બુ સુંદર પણ કેટરીનાના બચાવમાં આવ્યા છે. એક લાંબી પોસ્ટમાં, તેણીએ લખ્યું કે પુરુષોની કમર પણ ૪૦ ઇંચ સુધી પહોંચી શકે છે, પરંતુ કોઈ કંઈ કહેતું નથી. અગાઉ, કેટરિના કૈફના સમર્થનમાં, પાકિસ્તાની અભિનેતા અલી ઝફરથી લઈને ઋત્વિક રોશન, ટીવી ઉદ્યોગના બધા જ કલાકારો સોનારિકા ભદોરિયા અને શ્રદ્ધા આર્ય સુધીના બધાએ ટીકાકારોની ટીકા કરી હતી. ૪૩ વર્ષીય કેટરિનાના સમર્થનમાં, સેલિબ્રિટીઓ વૃદ્ધત્વ અને શરીરના ફેરફારો અંગે સમાજનાં બેવડાં ધોરણો પર સવાલ ઉઠાવી રહ્યા છે.



પ્રિયંકા ચતુર્વેદીએ કહ્યું, "સમજાવવાની કોઈ જરૂર નથી, તે આપણું જીવન છે, તે આપણું શરીર છે."પ્રિયંકા ચતુર્વેદીએ ઠ પર લખ્યું છે કે "પ્રિય મહિલાઓ, તમારા વજનમાં વધારો કે ઘટાડો, તમારી ઉંમર, તમારા દેખાવ, તમારા શરીર અથવા તમારી ત્વચાને એવા લોકોને સમજાવવાની કોઈ જરૂર નથી જેમની પાસે આ બાબતો પર ટિપ્પણી કરવા સિવાય બીજું કંઈ નથી. ભલે તે આજે કેટરિના હોય કે કાલે કોઈ બીજું, આપણે કોઈના કોઈ ખુલાસા આપવાના ઋણી નથી - તે આપણું જીવન છે, આપણું શરીર છે, આપણી પસંદગીઓ છે."ખુશ્બુએ કહ્યું, "જ્યારે સ્ત્રી બાળકને જન્મ આપે છે, ત્યારે તેનો પુનર્જન્મ થાય છે." ખુશ્બુ લખે છે કે પુરુષોને ઘણીવાર અનુભવ સાથે વૃદ્ધ થવા દેવામાં આવે છે અને તેમને આકર્ષક માનવામાં આવે છે. જ્યારે સ્ત્રીઓને કરચલીઓ, વજન વધારો, સફેદ વાળ અને તેમના શરીરમાં થતા અન્ય ફેરફારો માટે તીવ્ર તપાસનો સામનો કરવો પડે છે. જ્યારે સ્ત્રી બાળકને જન્મ આપે છે, ત્યારે હોર્મોનલ, શારીરિક, ભાવનાત્મક અને માનસિક ફેરફારો ખૂબ જ મોટા હોય છે. તેના શરીરે આ દુનિયામાં બીજું જીવન લાવ્યું છે અને તેનું પાલન-પોષણ કર્યું છે. છતાં, તેણે જે અનુભવ્યું છે તેને આવકારવાને બદલે, આપણે તે પછી કેવી દેખાય છે તેના પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ." ખુશ્બુએ કેટરિના કૈફની પ્રશંસા કરતાં કહ્યું, "કેટરિના કૈફ હંમેશા સુંદર રહી છે, છે અને હંમેશા સુંદર રહેશે.

# વાપી સ્થિત સમર્પણ જ્ઞાન સ્કૂલમાં હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૪**

વાપી સ્થિત સમર્પણ જ્ઞાન સ્કૂલ ખાતે લાયન્સ ક્લબ ઓફ તરંગીની અને સમર્પણ જ્ઞાન સ્કૂલના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યની નિયમિત તપાસ તથા આરોગ્ય જાગૃતિના હેતુથી હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

કેમ્પમાં સેલ્બી હોસ્પિટલના બાળરોગ નિષ્ણાંત (Pediatrician) ડૉ. નેહલ રાણા તથા ડૉ.દિક્ષિતા પટેલના માર્ગદર્શન હેઠળ મેડિકલ ટીમ દ્વારા વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસ કરવામાં આવી હતી. આ કેમ્પમાં અંકિતા સિસ્ટર, કપિલા સિસ્ટર, બ્રિજલ પટેલ અને કૌશલ પટેલએ પણ સેવાઓ આપી હતી. તબીબી ટીમે વિદ્યાર્થીઓની જરૂરી આરોગ્ય તપાસ કરી સ્વચ્છતા, પૌષ્ટિક આહાર અને સ્વસ્થ જીવનશૈલી અંગે ઉપયોગી માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

આ પ્રસંગે સ્કૂલના ફાઉન્ડર ટ્રસ્ટી લાયન શ્રી મુકેશભાઈ પટેલ, ચેરપર્સન લાયન હીનાબેન પટેલ તથા આચાર્ય લાયન શ્રીમતી પાર્વતી પિઠાની તેમજ લાયન્સ ક્લબ ઓફ વાપી તરંગીનીનાં પ્રમુખ લાયન તન્વી પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

શાળાના સંચાલન દ્વારા વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસની સાથે તેમના શારીરિક અને માનસિક સ્વાસ્થ્યને પણ પ્રાથમિકતા આપવામાં આવે છે. વિદ્યાર્થીઓમાં નાની ઉંમરથી જ આરોગ્ય પ્રત્યે જાગૃતિ કેળવાય તેવા હેતુથી આવા આરોગ્યલક્ષી કાર્યક્રમાનું આયોજન કરવામાં આવે છે.

આ પ્રસંગે શાળા પરિવાર દ્વારા ઉપસ્થિત તબીબો તથા મેડિકલ ટીમનું ભાવભર્યું સ્વાગત કરી સ્મૃતિભેટ અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું.

# ધરમપુરના આંબાતલાટ હિલ સ્ટેશન ખાતે ‘સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત’ની થીમ સાથે સફાઈ અભિયાન અને વૃક્ષારોપણ કરાયું



**માવલી માતાના સ્થાનક અને અંબા માતાના મંદિર પરિસરની સફાઈ કરી વૃક્ષારોપણ પણ કરાયું: પર્યટકો અને સ્થાનિક દુકાનદારોને સ્વચ્છતા જાળવવા માટે અપીલ કરાઈ**





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૪**

રાજ્ય સરકારના સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત વલસાડ જિલ્લા માહિતી કચેરી દ્વારા ‘સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત’ની થીમ સાથે ધરમપુર તાલુકાના પર્યટન સ્થળ તરીકે જાણીતા આંબાતલાટ ગામના હિલ સ્ટેશન ખાતે સફાઈ અભિયાન અને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો.

સ્વચ્છતા જાળવવી એ કોઈ એક વ્યક્તિ, સંસ્થા કે સરકારની એકમાત્ર જવાબદારી નથી, પરંતુ સમાજના દરેક નાગરિકની સહિયારી જવાબદારી છે, તેવા સંદેશ સાથે વલસાડ જિલ્લા માહિતી કચેરીના નાયબ માહિતી નિયામક શ્રી ઉમેશ બાવીસાના માર્ગદર્શન હેઠળ અને ગામના માજી સરપંચ જયંતીભાઈ પટેલની ઉપસ્થિતિમાં જિલ્લા માહિતી કચેરીની ટીમ દ્વારા આંબાતલાટ હિલ સ્ટેશન ખાતે સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

આ અભિયાન અંતર્ગત ડુંગર પર આવેલા માવલી માતાના સ્થાનક તેમજ અંબા માતાના મંદિર પરિસરમાં સફાઈ કરવામાં આવી હતી. અભિયાન દરમિયાન એકત્રિત થયેલા કચરાનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો હતો. સફાઈ કામગીરી પૂર્ણ થયા બાદ મંદિર પરિસરમાં જિલ્લા માહિતી કચેરીની ટીમ દ્વારા પર્યાવરણની જાળવણીનો સંદેશ આપવા ફળાઉ તેમજ છાંયડો આપતા વૃક્ષોનું વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું.

આ ઉપરાંત હિલ સ્ટેશનની મુલાકાતે આવતા પર્યટકો તેમજ સ્થાનિક દુકાનદારોને સ્વચ્છતા જાળવવા અને કચરો જાહેર સ્થળોએ ન ફેંકવા અંગે ટીમ માહિતી દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પર્યટન સ્થળોની સ્વચ્છતા જાળવી રાખવામાં સૌનો સહયોગ મળી રહે તે માટે પણ અપીલ કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકાર દ્વારા તા. ૧૭ સપ્ટેમ્બરથી તા.૧૭ ઓક્ટોબર સુધી રાજ્યવ્યાપી સેવા સંકલ્પ અભિયાનની ઉજવણી કરવામાં આવી રહી છે. આ અભિયાનના ભાગરૂપે વલસાડ જિલ્લા માહિતી કચેરી દ્વારા આંબાતલાટ હિલ સ્ટેશન ખાતે સફાઈ અભિયાન અને વૃક્ષારોપણની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

# વેરાવળ પૂર્ણા નદી કિનારે ગણેશ વિસર્જન સ્થળે જિલ્લા માહિતી કચેરીની ટીમે હાથ ધર્યું સ્વચ્છતા અભિયાન



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**નવસારી, તા.૨૪**

સ્વચ્છતા પ્રત્યે જનજાગૃતિ કેળવવા તેમજ જાહેર સ્થળોની સ્વચ્છતા જાળવવાના સંદેશને વધુ અસરકારક બનાવવા જિલ્લા માહિતી કચેરી, નવસારીની ટીમ દ્વારા વેરાવળ ખાતે પૂર્ણા નદી કિનારે આવેલા ગણેશ વિસર્જન સ્થળે સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

માહિતી કચેરીના સહાયક માહિતી નિયામક મહેન્દ્ર વેકરીયાના માર્ગદર્શન હેઠળ જિલ્લા માહિતી કચેરીના કર્મચારીઓએ ગણેશ વિસર્જન સ્થળની આસપાસના વિસ્તારની સફાઈ કરી હતી. ગણેશ વિસર્જન બાદ નદી કિનારે તેમજ આસપાસના વિસ્તારમાં એકત્રિત થયેલા કચરાનો યોગ્ય રીતે નિકાલ કરી સ્થળને સ્વચ્છ બનાવવામાં આવ્યું હતું.

આ સ્વચ્છતા અભિયાનમાં જિલ્લા માહિતી કચેરીના કર્મચારીઓ મનીષ બ્રહ્મભટ્ટ, દિનેશ માહલા, અક્ષય પટેલ, મેહુલ રાઠોડ, હસમુખ પટેલ, રોહિત રાઠોડ, પ્રીતિ પટેલ, યોગેશ કટારીયા તથા જીગ્નેશ પટેલે ઉત્સાહપૂર્વક સહભાગી બની સ્વચ્છતા અભિયાનને સફળ બનાવ્યું હતું.

આ પ્રસંગે ‘સ્વચ્છતા એ સૌની સહિયારી જવાબદારી છે’ તે સંદેશ સાથે નદી, તળાવ અને અન્ય જળાશયોના કિનારા સહિત જાહેર સ્થળોને સ્વચ્છ રાખવા સૌને અપીલ કરવામાં આવી હતી. ધાર્મિક આસ્થા સાથે પર્યાવરણ અને સ્વચ્છતાનું પણ જતન થાય તે માટે ગણેશ વિસર્જન બાદ ઉત્પન્ન થતા કચરાનો યોગ્ય નિકાલ કરવો તેમજ જાહેર સ્થળોએ કચરો ન ફેંકવા અંગે જનજાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો હતો.

જિલ્લા માહિતી કચેરીની ટીમના આ સ્વચ્છતા અભિયાનથી જાહેર સ્થળોની સ્વચ્છતા જાળવવા તેમજ સ્વચ્છતા પ્રત્યે સામૂહિક જવાબદારી અને જનભાગીદારીનો સંદેશ વધુ અસરકારક રીતે પહોંચ્યો હતો.

# ‘સેવા સંકલ્પ અભિયાન, સેવા મેરા યોગદાન’ અંતર્ગત નવસારીમાં માર્ગ સલામતી બાઈક રેલી યોજાઈ યોજાઈ

**આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલ સહિત મહાનુભાવોએ બાઈક રેલીમાં જોડાઈ માર્ગ સલામતીનો સંદેશો આપ્યો**




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**નવસારી, તા.૨૪**

‘સેવા સંકલ્પ અભિયાનના ભાગરૂપે સેવા મેરા યોગદાન થીમ પર નવસારી જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ, આરટીઓ વિભાગના સંયુક્ત ઉપક્રમે માર્ગ સલામતી અંગે જનજાગૃતિ કેળવવાના હેતુથી નવસારી શહેરમાં માર્ગ સલામતી બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ રેલીમાં આદિજાતિ વિકાસમંત્રીશ્રી નરેશભાઈ પટેલ સહિત જિલ્લા વહીવટી તંત્ર, પોલીસ વિભાગ, આરટીઓ, મહાનગરપાલિકા, સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ તથા મોટી સંખ્યામાં નગરજનોએ ઉત્સાહભેર જોડાયા હતા.

માર્ગ સલામતી બાઈક રેલીને મંત્રીશ્રી નરેશભાઈ પટેલ તથા ઉપસ્થિત મહાનુભાવોએ સર્કિટ હાઉસ નવસારી ખાતેથી પ્રસ્થાન કરાવી હતી. રેલીમાં આશરે ૨૦૦ જેટલા બાઈક સવારો જોડાયા હતા. રેલી દરમિયાન માર્ગ સલામતીના નિયમોનું પાલન, હેલ્મેટનો ફરજિયાત ઉપયોગ, ટ્રાફિક નિયમોનું પાલન, જવાબદારીપૂર્વક વાહન ચલાવવું તેમજ અન્ય વાહનચાલકો અને રાહદારીઓની સલામતી જાળવવા અંગે જનજાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો હતો.

આ પ્રસંગે નવસારી જિલ્લા પંચાયત પ્રમુખશ્રી નિરાલીબેન નાયક,ધારાસભ્યશ્રી રાકેશભાઈ દેસાઈ, મહાનગરપાલિકાના મેયરશ્રી અશોકભાઈ ધોરાજીયા, જિલ્લા કલેક્ટર શ્રી મનીષ ગુરવાની, મ્યુનિસિપલ કમિશનરશ્રી જયેશ ઉપાધ્યાય, જિલ્લા વિકાસ અધિકારીશ્રી કાર્તિક જીવાણી, પોલીસ અધિક્ષકશ્રી રાહુલ પટેલ, આર.ટી.ઓ. અધિકારી આકાશ પટેલ તેમજ અન્ય મહાનુભાવો, પોલીસ અધિકારીઓ-કર્મચારીઓ, સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

રેલીના પ્રારંભ પ્રસંગે મંત્રીશ્રી તથા ઉપસ્થિત મહાનુભાવોએ માર્ગ સલામતીના નિયમોનું પાલન કરવા અંગે ઉપસ્થિત સૌને શપથ લેવડાવ્યા હતા. સૌએ વાહન ચલાવતી વખતે ટ્રાફિક નિયમોનું પાલન કરવા, હેલ્મેટનો ઉપયોગ કરવા તથા માર્ગ સલામતી અંગે અન્ય લોકોને પણ જાગૃત કરવા સંકલ્પબદ્ધતા વ્યક્ત કરી હતી.

સર્કિટ હાઉસથી પ્રસ્થાન કરેલી બાઈક રેલી ઈટાળવા ત્રણ રસ્તા, છાંપરા ચાર રસ્તા, ઉસ્માની સર્કલ, સિંધી કેમ્પ સહિતના માર્ગો પરથી પસાર થઈ લુન્સીકુઈ ખાતે પહોંચી સમાપ્ત થઈ હતી. સમગ્ર માર્ગ પર નગરજનોમાં માર્ગ સલામતી અંગે જાગૃતિ કેળવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.

રેલીમાં પોલીસ અધિકારી-કર્મચારીઓ તેમજ વિવિધ સામાજિક સંસ્થાઓના કાર્યકરોની સક્રિય ભાગીદારી રહી હતી. જનજાગૃતિ રેલીને નગરજનોનો વ્યાપક પ્રતિસાદ મેળવ્યો હતો.

માર્ગ અકસ્માતો અટકાવવા માટે દરેક નાગરિકે પોતાની જવાબદારી સમજીને ટ્રાફિક નિયમોનું પાલન કરવું, દ્વિચક્રી વાહન ચલાવતી વખતે હેલ્મેટ પહેરવું, વાહન ચલાવતી વખતે મોબાઈલનો ઉપયોગ ન કરવો અને ઝડપ મર્યાદાનું પાલન કરવું જરૂરી છે. આ બાઈક રેલી દ્વારા પણ નાગરિકોને ‘માર્ગ સલામતી-સૌની જવાબદારી’નો સંદેશ આપવામાં આવ્યો હતો.

# વાપીના ચણોદ ખાતેથી માધવી ચૌધરી ગુમ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૩**

વાપીના ચણોદ ખાતે શ્રીનાથજી પાર્કમાં બિલ્ડિંગ નં. એફ-૨ માં ફ્લેટ નં. ૧૦૬માં રહેતી ૨૬ વર્ષીય માધવી રવિ ચૌધરી તા. ૦૧/૦૯/૨૬ના રોજ ચાર વાગ્યા પછી હરકોઈ વખતે ઘરેથી કોઈને કંઈ પણ કહ્યા વિના ક્યાંક ચાલી નીકળી હતી. જે શરીરે મધ્યમ બાંધો, શ્યામ વર્ણ અને પાંચ ફૂટ ઉંચાઈ ધરાવે છે. સફેદ કલરનું ટોપ અને કાળા કલરનો પ્લાઝો પહેર્યો હતો.

જે તેલુગુ, હિન્દી અને મરાઠી ભાષા જાણે છે. ગુમ થનાર માધવીના સસરા રાજાભાઈ કોટૈયા ચૌધરી (મૂળ રહે. ગામ મારેમાકેમ, થાણા-કંપલી, તા.કંપલી, જિ. બલ્લારી, કર્ણાટક)એ ગુમ થયાની જાણ વાપી ઉદ્યોગ નગર પોલીસ મથકે કરી હતી.

# નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે કમલમ્ (ડ્રેગનફ્રૂટ) પાક અંગે એક દિવસીય પરિસંવાદ યોજાયો




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**નવસારી, તા.૨૪**

સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે અસ્પી બાગાયત મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારી અને નાયબ બાગાયત નિયામકશ્રી, બાગાયત ખાતા નવસારીના સંયુક્ત ઉપક્રમે કમલમ્ (ડ્રેગનફ્રૂટ) પાક અંગે એક દિવસીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં નવસારી કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડો.આર. એમ. નાયક, સંશોધન નિયામક ડો.ટી.આર. અહલાવત, વિસ્તરણ શિક્ષણ નિયામક ડો.એચ.આર. શર્મા, સંયુક્ત બાગાયત નિયામક દિનેશ પડાલિયા, વિદ્યાર્થી કલ્યાણ નિયામકશ્રી પ્રો. જે.આર.નાયક તથા અસ્પી બાગાયત કોલેજના ડીન ડો.અલકા સિંઘ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

કુલપતિશ્રીએ કમલમ્ પાકમાં ખેડૂતોને વધુ વળતર મળી રહે તે માટેની તકો તથા સંશોધન અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમજ ઉપસ્થિત મહાનુભાવોએ કમલમ્ પાકનું મહત્વ, ગુજરાતમાં વધતા વાવેતર વિસ્તાર અને ભવિષ્યની સંભાવનાઓ અંગે માહિતી આપી હતી.

પરિસંવાદ દરમિયાન કમલમ્ની વિવિધ જાતો, કમલમ્માંથી તૈયાર થતી મૂલ્યવર્ધિત બનાવટો તેમજ ખેડૂતો દ્વારા ઉત્પાદિત કમલમ્ ફળનું પ્રદર્શન યોજાયું હતું. બજારમાં કમલમ્ના ફળનો ભરાવો થાય ત્યારે વિવિધ મૂલ્યવર્ધિત બનાવટો તૈયાર કરી શકાય તે અંગે પણ ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બાગાયત વિભાગ દ્વારા કમલમ્ પાક સંબંધિત યોજનાઓ તથા કોલ્ડ સ્ટોરેજ અંગેની માહિતી પણ આપવામાં આવી હતી.

ટેકનિકલ સેશનમાં ડો. બી.એમ. ટંડેલ દ્વારા કમલમ્ ફળની ખેતી, ડો. જીલેન માયાણી દ્વારા કમલમ્નું મૂલ્યવર્ધન તથા ડો. પુષ્પેન્દ્ર સિંઘ દ્વારા કમલમ્માં આવતા રોગ-જીવાત અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત કમલમ્ની ખેતીમાં સફળ થયેલા ખેડૂતોએ પોતાના અનુભવો રજૂ કર્યા હતા.

સમગ્ર કાર્યક્રમના આયોજનમાં અસ્પી બાગાયત મહાવિદ્યાલયના ડીન ડો. અલકા સિંઘ તથા ફળ વિજ્ઞાન વિભાગ અને નાયબ બાગાયત નિયામક કચેરીના કર્મચારીઓએ સહયોગ આપ્યો હતો. કાર્યક્રમના અંતે ખેડૂતોએ કમલમ્ પાકના સંશોધન કેન્દ્રના ફાર્મની મુલાકાત લઈ પાકને લગતા પ્રશ્નો અંગે માર્ગદર્શન મેળવ્યું હતું. પરિસંવાદમાં દક્ષિણ ગુજરાતના વિવિધ વિસ્તારોમાંથી આશરે ૨૪૫ ખેડૂતોએ ભાગ લીધો હતો.

# વલસાડના નોટરી રાકેશભાઈ પટેલની બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના કો-ઓપ્ટ મેમ્બર તરીકે નિમણૂક

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૪**

વલસાડના જાણીતા નોટરી એડવોકેટ રાકેશભાઈ બી. પટેલને બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના કો-ઓપ્ટ મેમ્બર તરીકે નિમણૂક કરવામાં આવ્યા છે. તેમની કાયદાકીય તથા સામાજિક ક્ષેત્રે લાંબા સમયથી રહેલી કામગીરીને ધ્યાનમાં રાખીને મળેલી આ જવાબદારીને વલસાડના વકીલ આલમમાં મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.



શ્રી રાકેશભાઈ પટેલે વર્ષ ૨૦૦૦માં વકીલાતના વ્યવસાયની શરૂઆત કરી હતી. વર્ષ ૨૦૦૮માં તેમણે નોટરી તરીકેની જવાબદારી સંભાળી હતી. વકીલોના હિત સાથે જોડાયેલી સંસ્થાકીય કામગીરીમાં પણ તેઓ સક્રિય રહ્યા છે. વર્ષ ૨૦૧૦માં તેઓ વલસાડ જિલ્લા વકીલ વિકાસ મંડળમાં સહમંત્રી તરીકે ચૂંટાયા હતા. ત્યારબાદ વર્ષ ૨૦૨૦થી તેઓ વલસાડ જિલ્લા વકીલ વિકાસ મંડળના ઉપપ્રમુખ તરીકે જવાબદારી નિભાવી રહ્યા છે.

કાયદાકીય ક્ષેત્ર ઉપરાંત શ્રી રાકેશભાઈ પટેલ સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે પણ સક્રિય છે. શ્રી જય અંબે ચેરીટેબલ ટ્રસ્ટ, ફલધરામાં તેઓ મંત્રી તરીકે કાર્યરત છે, જ્યારે ફલધરા કેળવણી મંડળમાં કમિટી મેમ્બર તરીકે સેવા આપી રહ્યા છે. ધોડિયા સમાજના નાના વણઝારીયા કુળ પરિવારમાં તેઓ માજી પ્રમુખ તરીકે પણ જવાબદારી સંભાળી ચૂક્યા છે.

રાજકીય ક્ષેત્રે તેઓ વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિમાં મહામંત્રી તરીકે કાર્યરત છે. તેમના પત્ની શ્રીમતી કૌશિકાબેન ફલધરા બેઠક પરથી જિલ્લા પંચાયતના સભ્ય તરીકે પણ સેવા આપી ચૂક્યા છે.

લાંબા સમયથી વકીલાત, વકીલ સંગઠન, સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે સક્રિય રહેલા શ્રી રાકેશભાઈ પટેલને બાર કાઉન્સિલ ઓફ ગુજરાતમાં કો-ઓપ્ટ મેમ્બર તરીકે મળેલી નવી જવાબદારીને પગલે તેમના શુભેચ્છકો, વકીલમિત્રો તથા વિવિધ ક્ષેત્રના આગેવાનો દ્વારા અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.

TORRENT POWER | DNHDD

**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**

DNHDD PDCL, વિદ્યુત ભવન, ૬૬ કેવી રોડ, આમલી, સિલવાસા-૩૯૬૨૫૦.
મો. ૬૩૫૭૫૫૭૭૭૭, ઈ-મેઈલ: consumerforumdnhdd@torrentpower.com

**DNH વિસ્તારના વીજ ગ્રાહકો માટે જાગૃતિ અભિયાન**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમની રચના ભારતના વિદ્યુત અધિનિયમ ૨૦૦૩ની જોગવાઈ મુજબ કરવામાં આવેલ છે અને જે ઉપરોક્ત સરનામે કાર્યરત છે.

આ ફોરમનું મુખ્ય કાર્ય DNHDD PDCLના વીજ ગ્રાહકોની તેમના વીજ સર્વિસ કનેક્શન સંબંધિત ફરિયાદો જેવી કે વીજ જોડાણ, વીજ બિલ તથા વીજ વિતરણ સીસ્ટમ અને વીજ ગ્રાહકોના જાનમાલની સેફટીની બાબતોને લગતી કોઈ પણ પ્રકારની ફરિયાદોનું વીજ કંપની દ્વારા તેમને સંબંધિત નિયમો અંતર્ગત ઉકેલ કે નિવારણ નિયત સમય મર્યાદામાં ન કરવામાં આવ્યું હોય અથવા તો વીજ ગ્રાહક આવા ઉકેલ / નિવારણથી સંતુષ્ટ ન હોય તો ઉપરોક્ત ફોરમ દ્વારા આવી ફરિયાદો બાબતે બન્ને પક્ષોને સાંભળીને ફરિયાદોનું તટસ્થ અને સચોટ નિવારણ કરવા માટે કાર્યરત છે.

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, DNHDD PDCL દ્વારા, વીજ ગ્રાહકો માટે ફોરમ તથા કન્ઝ્યુમર રાઈટસની જાણકારી અને જાહેર સંપર્ક માટે નો ફોરમ દ્વારા જાગૃતિ અભિયાન કાર્યક્રમનું આયોજન નીચે જણાવ્યા મુજબ કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં વીજ કંપનીના અધિકારીઓ પણ ભાગ લેશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા આપ સૌને આમંત્રણ છે.

સ્થળ : દાદરા ગ્રામ પંચાયત
તારીખ : ૨૯.૦૯.૨૦૨૬
સમય : સવારે ૧૧:૩૦ થી ૧૨:૩૦ કલાક

વર્તમાન પ્રવાહ — વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

વલસાડ જિલ્લા પોલીસ અને વાપી શહેર ભાજપના સંયુક્ત ઉપક્રમે સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત

# વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૨૫ વર્ષના સેવા-સુશાસન પર્વ નિમિત્તે વાપીમાં ભવ્ય 'માર્ગ સુરક્ષા જાગૃતિ બાઈક રેલી' યોજાઈ

## નાગરિકોને ટ્રાફિક નિયમોના પાલન અને ફરજિયાત હેલ્મેટ પહેરવા અંગે જાગૃત કરાયા








**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૪**

દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જાહેર જીવનમાં ૨૫ વર્ષના સફળ સેવા અને સુશાસન પૂર્ણ થવાના ઉપલક્ષ્યમાં સમગ્ર દેશ સહિત ગુજરાતભરમાં વિવિધ લોકકલ્યાણકારી કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. આ ઉજવણીના ભાગરૂપે 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત આજરોજ વલસાડ જિલ્લા પોલીસ તેમજ વાપી શહેર ભાજપના સંયુક્ત ઉપક્રમે વાપી ખાતે એક વિશાળ 'માર્ગ સુરક્ષા જાગૃતિ બાઈક રેલી'નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાત રાજ્યના નાણાં મંત્રી શ્રી કનુભાઈ દેસાઈના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ બાઈક રેલીમાં વાપી શહેર ભાજપ પ્રમુખ શ્રી મનીષભાઈ દેસાઈ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી સતિષભાઈ પટેલ, શહેર ભાજપ મહામંત્રી શ્રી વિરાજભાઈ દક્ષિણી, સંગઠન ખજાનચી શ્રી દેવેન્દ્રભાઈ પટેલ, સંગઠન ઉપપ્રમુખ શ્રી નમીષ સિંહ, સંગઠન મંત્રી શ્રી સંતોષભાઈ હળપતિ, ચૂંટાયેલા સભ્ય શ્રી વિપુલભાઈ પટેલ તથા શ્રી તેજસભાઈ વશી સહિત સંગઠનના અગ્રણી હોદ્દેદારો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉત્સાહભેર જોડાયા હતા, આ રેલીમાં વલસાડ પોલીસ વિભાગ તરફથી ડી.વાય.એસ.લઈ શ્રી દવે, ટ્રાફિક પી.આઈ.શ્રીમતી કાનાણી, પી.આઈ.શ્રી સિદ્ધાર્થભાઈ ગોહિલ સહિત ટ્રાફિક પોલીસ અને પોલીસ જવાનો બાઈક સાથે ઉપસ્થિત રહ્યા હતા

રેલી વાપી શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈ હતી, જ્યાં સ્થાનિક નાગરિકો અને વાહનચાલકોને માર્ગ અકસ્માત નિવારણ માટે ટ્રાફિક નિયમોનું ચુસ્તપણે પાલન કરવા, બાઈક ચલાવતી વખતે ફરજિયાત હેલ્મેટ પહેરવા તેમજ સલામત વાહન વ્યવહાર જાળવવા અંગે જાહેર જાગૃતિનો સંદેશો પાઠવવામાં આવ્યો હતો.

# આજે વાપી વલસાડ સહિત જિલ્લામાં ગણેશ વિસર્જન યાત્રાઓ યોજાશે, ગણેશ મહોત્સવની પૂર્ણાહુતિ

## પોલીસ દ્વારા ચૂસ્ત બંદોબસ્ત ગોઠવાશે ક્યાંક કુત્રિમ તળાવો તૈયાર કરાયા છે



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૪**

વાપી સહિત જિલ્લાભરમાં ગણેશ ચતુર્થીથી આરંભ થયેલ ગણેશોત્સવ અંતિમ મંઝીલ સુધી પહોંચી ગયો છે. આ વર્ષે પચાંગમાં ફેરફારો આધિન ગણેશ મહોત્સવ ૧૦ દિવસ નહીં પણ ૧૨ દિવસ સુધી ઉજવાયો છે. અનેક આયોજન સ્મરણીય યાદગીરી બની રહેશે.

આવતીકાલ શુક્રવારના રોજ જિલ્લાભરમાં ગણેશ વિસર્જન યાત્રાઓ નિકળશે બોલેરા ગણેશજીને ભાવિકો અશ્રુભીની આંખે શ્રીજીને નદી તળાવ ઓવારાઓમાં વિસર્જીત કરશે.

વર્ષ ૨૦૨૬નો ગણેશ મહોત્સવ અનેક રીતે યાદગાર રહેશે. અનેક ગણેશ મંડળો દ્વારા વિવિધ થીમ, ટેક્નોલોજી, ડેકોરેશનની ભવ્ય સજાવટ સાથે શ્રીજી મૂતિઓ સ્થાપિત કરી સવારમાંજ બાપાની પૂજા અર્ચના અને આરતી ભજન કરીને સમગ્ર જિલ્લાનો માહોલ ગણેશ મય બની રહ્યો છે.

કોઈ કોઈ મંડળ દ્વારા તો દાદ માંગે તેવી વિવિધ બેનમુન થીમો પ્રદર્શિત કરીને ભાવિકોને મંત્રમુગ્ધ કર્યા છે. અનેક રીતે વર્તમાન ગણેશોત્સવ લોકોના સ્મરણમાં અમીર છાપ ચોક્કસ છોડી જશે. સુખરૂપ અને શાંતિપૂર્વક ગણેશ વિસર્જન યાત્રાઓ સંપન્ન થાય તે માટે જિલ્લા પોલીસ વિભાગ દ્વારા પર્યાપ્ત તૈયારીઓ કરી દેવામાં આવી છે.

ચૂસ્ત બંદોબસ્ત હેઠળ પુરા જિલ્લામાં શુક્રવારે વિસર્જન યાત્રાઓ નિકળશે. દાદા અતુટ યાદો સાથે ભક્તોની નજરોથી ઓજલ થશે.

વલસાડ સાંસદ ધવલભાઈ પટેલની જનહિત રજૂઆત બાદ

# કપરાડાના ટુકવાડા પીએચસીને ૨૪ કલાકમાં મળી '૧૦૮ એમ્બ્યુલન્સ'ની સુવિધા





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૪**

વલસાડ ડાંગ જિલ્લાના જાગૃત અને જનહિત સેવા માટે હંમેશા તત્પર રહેતા સાંસદ શ્રી ધવલભાઈ પટેલની વધુ એક કામગીરી મિશાલ બની છે. કપરાડા, ટુકવાડા પી.એચ.સી. માટે ૧૦૮ એમ્બ્યુલન્સની જરૂરીયાત હતી. તેથી તેમણે ગાંધીનગરમાં રજૂઆત કરવા તાત્કાલિક માત્ર ૨૪ કલાકમાંથી પી.એચ.સી. માટે ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાની ફાળવણી કરી દેવામાં આવી હતી.

સાંસદ શ્રી ધવલભાઈ પટેલ સુથારપાડા પી.એચ.સી. સેન્ટરની આકસ્મિક મુલાકાત લીધી હતી. તે દરમિયાન ધારાસભ્ય શ્રી જીતુભાઈ ચૌધરી અને સ્થાનિક કાર્યકરો દ્વારા કપરાડા ટુકવાડા પી.એચ.સી. સેન્ટર માટે ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાની ખાસ જરૂરીયાત અંગે રજૂઆત કરવામાં આવી હતી. રજૂઆતની ગંભીરતા અને જરૂરીયાતની અંગત નોંધ લઈ ગાંધીનગર તુરંત ફોન કરી એમ્બ્યુલન્સની માંગણી કરી હતી. જેની ૨૪ કલાકમાં અસર થઈ હતી. કપરાડા ટૂકવાડા પી.એચ.સી. સેન્ટરને ૧૦૮ એમ્બ્યુલન્સની તાત્કાલિક ફાળવણી કરાઈ હતી. જનતાની સેવા સુવિધા માટે સાંસદ શ્રી ધવલભાઈ પટેલ સતત કાર્યરત રહેતા આવ્યા છે.

# વલસાડ જિલ્લા સ્વનિર્ભર શાળા સંચાલક મંડળે પડતર પ્રશ્નોના ઉકેલ માટે કલેક્ટર અને ડીઈઓને આવેદપત્ર આપ્યું

## ઉકેલ નહીં આવે તો ગાંધીચિંધ્યા માર્ગે આંદોલનની ચિમકી ઉચ્ચારી





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૪**

ગુજરાત સેલ્ફ-ફાઈનાન્સ સ્કૂલ એસોસિએશનના ઘટક વલસાડ જિલ્લા સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા રાજ્યની ૧૭ હજારથી વધુ સ્વનિર્ભર શાળાઓના પડતર પ્રશ્નોના સકારાત્મક નિરાકરણ માટે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. સંગઠન દ્વારા જણાવવામાં આવ્યું છે કે, રાજ્યની સ્વનિર્ભર શાળાઓમાં આશરે ૫૦ લાખથી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે અને ૭ લાખથી વધુ શિક્ષકો તથા કર્મચારીઓ ફરજ બજાવી રહ્યા છે, જેઓ શિક્ષણ ક્ષેત્રે ૬૦ ટકાથી વધુ યોગદાન આપે છે.

આવેદનપત્રમાં મુખ્યત્વે ચાર મહત્ત્વપૂર્ણ માંગણીઓ રજૂ કરવામાં આવી છે FRC પ્રક્રિયા સરળ બનાવવી દર વર્ષે મંજૂર ફીમાં ૧૦ ટકા કે તેથી ઓછો વધારો કરતી શાળાઓને પ્રોપોઝલ તથા એફિડેવિટમાંથી મુક્ત કરી સીધી મંજૂરી આપવામાં આવે, જેથી આશરે ૯૦ ટકા શાળાઓને રાહત મળે અને કચેરીનું ભારણ ઘટે.

**RTE ફી ચૂકવણી :** RTE હેઠળ વિદ્યાર્થીઓની ફી ચૂકવણી હાઈકોર્ટના માર્ગદર્શન મુજબ કરવા રજૂઆત કરાઈ છે. વર્ષ ૨૦૧૭થી નિયમ મુજબ ચૂકવણી કરવા હાઈકોર્ટે માર્ગદર્શન આપ્યું હોવા છતાં તેનો સંપૂર્ણ અમલ થયો નથી.

**શિક્ષણ વિધેયકમાં સુધારો :** ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ (સુધારા) વિધેયક-૨૦૨૬માં કર્મચારીઓની નિમણૂક તથા છૂટા કરવા માટેની મંજૂરી સંબંધિત જોગવાઈઓમાં સુધારો કરી શાળાઓની સ્વાયત્તતા જાળવવાની માંગ કરાઈ છે.

**કોમન પોર્ટલ અને પરિપત્ર વ્યવસ્થા:** સરકારી, ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર શાળાઓને એકસરખા પરિપત્રો મોકલવાને બદલે અલગ તથા સુવ્યવસ્થિત પોર્ટલ વ્યવસ્થા ઊભી કરવા રજૂઆત કરવામાં આવી છે.

સંચાલક મંડળે જણાવ્યું છે કે, આ બાબતે અગાઉ પણ વારંવાર રજૂઆતો કરવા છતાં કાયમી ઉકેલ આવ્યો નથી. જો આ પ્રશ્નોનું સત્વરે નિરાકરણ લાવવામાં નહીં આવે, તો ગાંધીચિંધ્યા માર્ગે આંદોલનાત્મક પગલાં લેવાની ચીમકી આપવામાં આવી છે. સાથે જ, વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્યમાં કોઈ વિક્ષેપ ન પડે તે માટે સરકારે તાત્કાલિક યોગ્ય કાર્યવાહી કરવી એવી અપીલ પણ કરવામાં આવી છે.

# કપરાડા વાવર ગામમાં વીજપોલ ઉભા કરવાની કામગીરીમાં કરંટ લાગતા બે મંજુરના મોત, ત્રણ ઘાયલ






**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૪**

કપરાડા તાલુકાના વાવર ગામે વિજપોલ ઊભા કરવાની કામગીરી દરમિયાન વીજ કરંટ લાગતાં બે મજૂરોના કરૂણ મોત નીપજ્યા હોવાની દુઃખદ ઘટના સામે આવી છે. અકસ્માતમાં અન્ય ત્રણ મજૂરોને સારવાર માટે રિફર કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

મૃતકોમાં સુરેશભાઈ કુસનાભાઈ પવાર (ઉં.વ.૩૮), રહે. વાવર-રીઠમાળ તથા સાગરભાઈ આંબાદાસભાઈ સરનાયક (ઉં.વ. ૧૮), રહે. વાવર-ઘરટાપાડાનો સમાવેશ થાય છે.

જ્યારે વીજ કરંટની ઘટનામાં સુભાષભાઈ મનુભાઈ દોડકા (નાચનખડક), ભગવાનભાઈ લક્ષ્મણભાઈ લાંડા (નાચનખડક) અને હેમેશભાઈ ભાવુરામભાઈ સરનાયક (વાવર)ને સારવાર માટે રિફર કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

વિજપોલ ઊભા કરવાની કામગીરી દરમિયાન બનેલી આ દુઃખદ ઘટનાથી વાવર ગામ સહિત સમગ્ર કપરાડા પંથકમાં શોકની લાગણી પ્રસરી છે. ઘટનાને પગલે સ્થાનિકોમાં ભારે દુઃખની લાગણી જોવા મળી હતી.

# વલસાડ સુરત મેમુ ટ્રેન જે કોવિડમાં બંધ થયેલ તે નવી મેમુ ટ્રેન શરૂ

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૪**

વલસાડ સુરત મેમુ ટ્રેન જે કોરોના સમયે બંધ કરવામાં આવી હતી. પરંતુ રેલવે બોર્ડ દ્વારા આ ટ્રેન પૂર્વવત દોડતી થઈ, ડેયલી વલસાડ, અમલસાડ, બિલિમોરા, નવસારી સુરત અપડાઉન કરવા નોકરીયાત અને મુસાફરો માટે આ ટ્રેન અતિ ઉપયોગી બની રહેશે.

ટ્રેન નં.૬૯૧૪૯ દરરોજ વલસાડથી બપોરે ૧:૩૦ કલાકે ઉપડશે તેમજ સુરત સાંજના ૪:૦૦ કલાકે પહોચશે. ટ્રેન ડુંગરી, જોરાવાસણ, અમલસાડ, બિલિમોરા, અણછેલી, વેડછા, ગાંધીસ્મૃતિ, નવસારી, સચિન, ભેસ્તાન અને ઉધના સ્ટેશને સ્પોપેજ કરશે. લાંબા સમયથી મુસાફરોની માંગણી હતી કે વલસાડ ટ્રેન સુરત મેમુ ટ્રેન જલદી ફરી કાર્યરત કરવામાં આવે તેવી આતુરતાનો અંત આવી ગયો છે. સાંસદ શ્રી સી.આર.પાટીલની રજૂઆત બાદ રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે ટ્રેનની મંજુરી આપી દીધી છે. નવી મેમુ ટ્રેનના સમયપત્રક માટે મુસાફરોમાં અસંતોષ જોવા મળ્યો છે. અગાઉની મેમુ ટ્રેન ૧૧:૧૫ વલસાડ આવતી અને ૧૧:૩૦ વાગે સુરત જવા રવાના થતી હતી. મુસાફરો ૧:૩૦ વાગે સુરત પહોંચતા હતા. ટ્રેન ૧:૩૦ વાગે સુરત પહોંચે તેવી મુસાફરોની માંગ છે. બીજી ફરિયાદ ટ્રેનની ગતિ ઉપર પણ ઉઠી રહી છે. વલસાડથી સુરત જવા ટ્રેન નવો સમય બિલકુલ નકામો છે. શિડ્યુલમાં ફેરયાર થયો છે તેથી મેમુ ટ્રેનની ગતિ ધીમી પડી ગઈ છે.

વલસાડમાં રોડ સેફટી જાગૃતિ માટે પોલીસની બાઈક રેલી યોજાઈ

# જિલ્લા પોલીસવડા અને ધારાસભ્યોએ લીલી ઝંડી આપી, ટ્રાફિક નિયમોનું પાલન કરવા અપીલ કરી





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૪**

રાજ્યભરમાં ચાલી રહેલા 'સેવા સંકલ્પ અભિયાન-સેવા મેરા યોગદાન' હેઠળ વલસાડ જિલ્લા પોલીસે એક 'માર્ગ સલામતી બાઈક રેલી'નું આયોજન કરવામાં આવ્યું હતું. તેનો હેતુ ટ્રાફિકના નિયમો વિશે જાગૃતિ ફેલાવવાનો અને રોડ અકસ્માતો ઘટાડવાનો હતો. શહેરના તિથલ બીચ પરથી શરૂ થયેલી આ રેલીમાં જિલ્લા પોલીસ વડા (એસ.પી.), ટ્રાફિક પોલીસ, મહિલા પોલીસ કર્મચારીઓ અને સ્થાનિક બાઈક રાઈડર્સે ભાગ લીધો હતો.

આ પ્રસંગે વલસાડ જિલ્લા એસ.પી.શ્રી યુવરાજસિંહ જાડેજાએ જણાવ્યું કે, સમગ્ર રાજ્યની જેમ વલસાડ જિલ્લામાં પણ આ જાગૃતિ અભિયાન ચાલી રહ્યું છે. વલસાડ જિલ્લામાંથી નેશનલ હાઈવે ૪૮ અને ૫૬ જેવા મુખ્ય રસ્તાઓ પસાર થાય છે. અહીં વાહન અકસ્માતો ઘટાડવા ખૂબ જરૂરી છે.

તેમણે કહ્યું કે, આ રેલીનો મુખ્ય હેતુ વાહનચાલકો હેલ્મેટ પહેરે, લેન ડ્રાઈવિંગનું પાલન કરે, સીટબેલ્ટનો ઉપયોગ કરે અને ઝડપ મર્યાદામાં વાહન ચલાવે તે છે. બાઈક ચાલકોએ પોતાની અને રાહદારીઓની જીંદગી જોખમમાં મૂક્યા વગર, કાયદાકીય દસ્તાવેજો સાથે વાહન ચલાવવું જોઈએ. આ સાથે જ, અકસ્માત સમયે ઘાયલ વ્યક્તિને તરત હોસ્પિટલ પહોંચાડી તેનો જીવ બચાવવાના શપથ પણ બધા પોલીસ કર્મચારીઓ અને હાજર લોકોએ લીધા હતા.

વલસાડના ધારાસભ્ય શ્રી ભરતભાઈ પટેલે પોલીસની આ કામગીરીના વખાણ કર્યા. તેમણે કહ્યું કે, રોડ સેફ્ટી વિશે જાગૃતિ લાવવા માટે પોલીસની આ પહેલ ખૂબ સારી અને આવકારદાયક છે.

મહાનુભાવોએ તિથલ બીચ પરથી લીલી ઝંડી આપીને બાઈક રેલીને રવાના કરી હતી. આ રેલી તિથલ બીચથી શરૂ થઈને હાલર સર્કલ, સિવિલ હાસ્પિટલ, સેંગવી બ્રિજ, પારનેરા ચાર રસ્તા (NH-48), ધરમપુર ચોકડી, વલસાડ-ધરમપુર રોડ બ્રિજ (સાંઈ લીલા મોલ પાસે), એસ.પી. ઓફિસ, કલ્યાણ બાગ, મોઘાભાઈ હોલ, સ્ટેડિયમ રોડ, આઝાદ ચોક અને ફરી હાલર સર્કલ થઈને તિથલ સર્કિટ હાઉસ ખાતે પૂરી થઈ હતી.

આ રેલી દરમિયાન, સમગ્ર વલસાડ શહેરમાં 'હેલ્મેટ પહેરો, ધીમે ચલાવો અને જીવન બચાવો'ના સંદેશ સાથે રોડ સેફ્ટીનો મજબૂત મેસેજ આપવામાં આવ્યો હતો.

# વાપી શ્રી એલ.જી.હરિયા સ્કૂલમાં સીબીપી-સીઓઈ ટીચર્સ ટ્રેનિંગ યોજાઈ



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૪**

વાપીની શ્રી એલ.જી.હરિયા મલ્ટી પર્પઝ સ્કૂલમાં ૨૨મી સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ સીબીપી સીઓઈ ટીચર્સ ટ્રેનિંગ " USE OF ARTIFICIAL INTELLIGENCE IN CLASS ROOM " વિષય પર આયોજિત કરવામાં આવી હતી. શ્રી પ્રવીણ સુબ્રમણ્યમ અને શ્રીમતી સુલોચના સોલંકી( રિસોર્સ પર્સન ફ્રોમ સીબીએસઈ) આવ્યા હતા. આ ટ્રેનિંગમાં શાળાના ૬૦ શિક્ષક ભાઈ બહેનોએ ભાગ લીધો હતો.

ટ્રેનિંગનો શુભારંભ મંગલમય પ્રાર્થના દ્વારા થયો હતો, ત્યારબાદ શાળાના આચાર્ય શ્રીમતી બિન્ની પૌલ તેમજ એચ આર શ્રી વિજય રાઉન્ડલ તથા ઉપસ્થિત રિસોર્સ પર્સન સાથે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું. ટ્રેનિંગ કુલ ત્રણ ભાગમાં કરવામાં આવી હતી, સૌ શિક્ષકોએ શાળાના શ્રી કૌશિક હરિયા એજ્યુકેશનલ ફાઉન્ડેશનના ચેરમેન શ્રી એ. કે. શાહ, મેનેજિંગ ટ્રસ્ટી શ્રી બિમલ હરિયા અને શાળાના આચાર્ય શ્રીમતી બીન્ની પોલ તથા એચ.આર.શ્રી વિજય રાઉન્ડલનો આ સુંદર આયોજન બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.